સુવિચાર

કબુલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં વિજેતા બનતી RBA પેનલ P-4

Year-16, Issue-212 ■ DATE : 20-12-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આસામમાં ટ્રેન સાથે ટક્કરથી આઠ હાથીના મોત

**આજે સવારે આસામમાં બની હૃદયદ્રાવક ઘટનાઃ હાથીઓનું ઝુંડ ટ્રેન સાથે ટકરાતાં અકસ્માત  જો કે કોઇ મુસાફરોને ઈજા નથીઃ અકસ્માતને કારણે અનેક ટ્રેનોને અસર**



**મુખ્ય સમાચાર, હોજાઇ**

આસામના હોજાઈ જિલ્લામાં શનિવારે વહેલી સવારે એક ભયાનક ઘટના બની. સૈરાંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ ટ્રેન હાથીઓના ટોળા સાથે અથડાઈ. આ અકસ્માત-માં આઠ જંગલી હાથીઓના મોત થયા અને એક ગંભીર રીતે ઘાયલ થયો, વન વિભાગના અધિકારીએ પુષ્ટિ આપી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રેનના અનેક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા.સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ ટ્રેન જંગલી હાથીઓના ટોળા સાથે અથડાઈ. ટક્કર એટલી ગંભીર હતી કે ટ્રેનનું એન્જિન અને પાંચ કોચ પાટા પરથી ઉતરી ગયા. વન અધિકારીઓના જણાવ્યા અનુસાર, હોજાઈ જિલ્લા નજીક થયેલા અકસ્માતમાં આઠ હાથીઓના મોત થયા હતા. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ મુસાફરોને ઈજા થઈ નથી.

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના પ્રવક્તાએ જણાવ્યું કે ટક્કરને કારણે ટ્રેનનું એન્જિન અને પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. આ અકસ્માત સવારે લગભગ ૨૧૭ વાગ્યે જમુનામુખ-કામપુર સેક્શનના ચાંગજુરાઈ વિસ્તારમાં થયો હતો. સદનસીબે, ટ્રેનમાં કોઈ મુસાફરોને ઈજા થઈ નથી.

આ ઘટના ફરી એકવાર જંગલી પ્રાણીઓ અને માનવ પ્રવૃત્તિઓ વચ્ચેના સંઘર્ષની ગંભીર સમસ્યાને ઉજાગર કરે છે. વન અધિકારીઓ અને રેલ્વે કર્મચારીઓ બચાવ કામગીરી હાથ ધરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવાના પગલાં પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

નાગાંવ ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર સુહાશ કદમે જણાવ્યું કે વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, ટોળામાં લગભગ આઠ હાથીઓ હતા, જેમાંથી મોટાભાગનાના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકો પાઈલટે પાટા પર હાથીઓને જોતા જ ઈમરજન્સી બ્રેક લગાવી હતી, પરંતુ હાથીઓ ટ્રેન સાથે અથડાઈ ગયા, જેના કારણે આ અકસ્માત થયો. આ સ્થળને હાથી કોરિડોર તરીકે નિયુક્ત કરવામાં આવ્યું નથી.

અકસ્માત બાદ, અસરગ્રસ્ત વિભાગમાંથી પસાર થતી ટ્રેનોને અપ લાઇન પર વાળવામાં આવી છે. યુદ્ધના ધોરણે પુનઃસ્થાપન કાર્ય ચાલી રહ્યું છે, અને અકસ્માત રાહત ટ્રેનો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પાટા પર હાથીઓના અવશેષો વિખરાયેલા હોવાથી ઉપલા આસામ અને ઉત્તરપૂર્વના અન્ય ભાગોમાં રેલ સેવાઓ પ્રભાવિત થઈ છે. સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ એ મિઝોરમમાં સૈરંગ (આઈઝોલ નજીક) ને દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલ સાથે જોડતી એક મુખ્ય ટ્રેન છે

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૮૩/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૫૨/લીટર |
| CNG | રૂ. ૭૯.૨૬/કિલો |

| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૪,૨૩૦ | ₹૨,૧૪,૦૦૦ |
| | -૬૭૦ | +૫૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૫૮ | ₹ ૧૧૯૮૩ |

## પીએફમાં ઓછામાં ઓછી વીમા રકમ રૂા.૫૦ હજાર

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને વીમા રકમને લઈને પણ ફેરફાર કર્યા છે. જો કોઈ સભ્યો મૃત્યુ પહેલા ૧૨ મહિના સતત કામ નહોતું કર્યું અથવા જેના પીએફ ખાતામાં બાકી રકમ ૫૦ હજાર રૂપિયાથી ઓછી હતી, તેમના આશ્રિતો માટે ન્યુનતમ વીમા લાભ વધારીને ૫૦ હજાર રૂપિયા કરી દેવામાં આવ્યો છે. ખરેખર તો કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયના ધ્યાનમાં એવા મામલા આવ્યા હતા જેમાં જાણવા મળેલું કે નોકરી બદલવા દરમિયાન કર્મચારીનું આકસ્મિક મૃત્યુ થયું પરંતુ સર્વિસ બ્રેક સાથે સંકળાયેલા નિયમોને લઈને તેમના નોમિની તેમજ આશ્રિતોને લાભ નહોતો મળી શકયો. આ સ્થિતિમાં શ્રમ મંત્રાલયે નકકી કર્યું હતું કે જયારે કર્મચારીના ઈપીએફઓમાં અંશદાન (હિસ્સો) કપાઈ રહ્યો છે તો વીમા સાથે સંકળાયેલા લાભનું ક્ષેત્ર વધારવું જોઈએ. તેના માટે નિયમોમાં ફેરફાર કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેના ક્રમમાં હવે ઈપીએફઓના નિયમમાં ફેરફારનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. કર્મચારી ભવિષ્યનિધિ સંગઠને એક સર્કયુલર જાહેર કર્યો છે. જેમાં વીમા યોજના સાથે જોડાયેલા નિયમોને સરળ બનાવાયા છે. તેનો મુખ્ય ઉદેશ એ છે કે કર્મચારીઓના નિધન બાદ તેમના પરિવારને મળનાર વીમાલાભમાં બિનજરૂરી મુશ્કેલીઓ ન આવે અને નાના-નાના ટેકનીકલ કારણોથી દાવા નકારવામાં ન આવે.

## હવે લાઈટ ડૂલ થાય તો ફરિયાદ નહીં કરવી પડે!ઃ સરકાર લોન્ચ કરશે ઊર્જા સંવર્ધન પોર્ટલ

**જેમાં ચારેય વીજ વિતરણ કંપની સામેલ, પોર્ટલ ઝડપથી ગ્રાહકોનો વીજ ફોલ્ટ પકડી પાડશે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં હવે લાઈટ ડૂલ થાય તો ગ્રાહકોને એની ફરિયાદ કરવાની નહીં રહે, કારણ કે રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા જાન્યુઆરી, ૨૦૨૬થી ઊર્જા સંવર્ધન પોર્ટલ શરૂ કરવામાં આવશે. આ પોર્ટલની મદદથી કોઈપણ જગ્યાએ વીજપુરવઠો બંધ થશે કે વોલ્ટેજ ફ્લેક્યુએશન થશે તો એની જાણ આ ઓનલાઇન પોર્ટલ મારફત સીધી કંટ્રોલરૂમમાં થઈ જશે અને તેથી તરત જ ટીમ વીજ ફોલ્ટ નિવારવા જે એ સ્થળે પહોંચી જશે. રાજકોટ સ્થિત PGVCL ઉપરાંત UGVCL, DGVCL અને MGVCL દ્વારા આ પોર્ટલનુ ટૂંક સમયમાં અમલીકરણ થતાં વીજ ફોલ્ટ ઝડપથી નિવારી શકાશે.

રાજકોટ સ્થિત પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર કેતન જોશીએ જણાવ્યું હતું કે ઊર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર અને GUVNL મેનેજિંગ ડિરેક્ટર જેનુ દેવનની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. તેમણે ગુજરાત રાજ્યના ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ અને કૌશિક વેકરિયાને ઊર્જા સંવર્ધન અંગે સમજૂતી આપી હતી. જે માટે ગુજરાત રાજ્યના ઊર્જા વિભાગના દરેક ડિવિઝન, દરેક સર્કલ અને દરેક સબ ડિવિઝન લેવલે એક કંટ્રોલરૂમ કરવામાં આવ્યો છે. ઊર્જા સંવર્ધન પોર્ટલ પરથી કંટ્રોલરૂમમાં ફરજ બજાવતી વ્યક્તિઓ આ બધી વિગતો મેળવી ગ્રાહકોને ગુણવત્તાલક્ષી વીજપુરવઠો મળી રહે એ માટેનો ખાસ અભિગમ છે.

## શહેરીકરણ વધતા રીચલ એસ્ટેટ ક્ષેત્રે મોટી તકઃ અમિત શાહ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત બનાવવાના ટારગેટમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રની ભૂમિકા મોટી બનવાની છે. શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે તેનાથી રીયલ એસ્ટેટ ક્ષેત્રને મહત્વના અવસર મળશે. ૨૦૩૫ સુધીમાં ૪૦ ટકા ભારતીયોનો શહેરોમાં વસવાટ થવાનુ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમીત શાહે કહ્યું હતું.

રીયલ એસ્ટેટ ક્ષેત્રના સૌથી મોટા સંગઠન ક્રેડાઈના વાર્ષિક સંમેલનમાં અમીત શાહે કહ્યું કે દેશની ૪૦ ટકા વસતી ૨૦૩૫ સુધીમાં શહેરોમાં વસવાટ કરતી હતી. ૨૦૪૭ સુધીમાં શહેરોમાં વસવાટ કરતી હતી. ૨૦૪૭ સુધીમાં આ સંખ્યા ૫૦ ટકા થવાનો અંદાજ છે.

૫૦ ટકા વસતી જયાં રહેતી હોય ત્યાં આવાસની સુવિધા પુરી પાડવાની જ જવાબદારી બિલ્ડરો-ડેવલપરોની છે. વધતા શહેરીકરણ સાથે શહેરી ઈન્ફ્રાસ્ટ્રકચર તથા શહેરી આવાસ બન્ને વધશે. પર્યાપ્ત માત્રામાં શહેરી આવાસ ઉપલબ્ધ બનાવવા ક્રેડાઈ એફોર્ડેબલ ઈકો-ફ્રેન્ડલી તથા સારી જીવનશૈલી પ્રદાન કરતા આવાસો માટે ખાસ ટીમ બનાવીને વિચાર કરે.

તેમણે કહ્યું કે સિંગલ વિન્ડો કલીયરન્સ, સમયસર મંજુરી, ઓનલાઈન ટ્રેકીંગ તથા ડીજીટલાઈઝડ રેકર્ડથી બાંધકામ ક્ષેત્રમાં નવો વિશ્વાસ સર્જયો છે અને સરકાર હજુ સુધારાત્મક પગલા લેશે.

અમિત શાહે કહ્યું કે બાંધકામ ઉદ્યોગમાં 'રેરા' કાયદો સૌથી મોટો સુધારો બન્યો છે અને આખી દુનિયા તેને સ્વીકારે છે. રેરા હેઠળ ૧.૫૫ લાખ પ્રોજેકટ રજીસ્ટર્ડ થયા છે. ૧.૧૦ લાખ બિલ્ડરોએ નોંધણી કરાવી છે. જીએસટી ઘટાડાનો સૌથી મોટો લાભ રીયલ એસ્ટેટ ક્ષેત્રને મળ્યો છે જેનાથી પ્રોજેકટ ખર્ચ ૫થી૭ ટકા સસ્તો થયો છે.

તેમણે કહ્યું કે આવતા દિવસોમાં જમીન માર્કેટને વધુ પારદર્શી બનાવવામા આવશે. શહેરોને હવે લેન્ડ બેંકીંગ તથા સટ્ટાત્મક હોલ્ડીંગથી મુક્ત કરવુ પડશે. શહેરી વિકાસ માટે સરકારે મેટ્રોથી માંડીને ફલાઈઓવર સુધીમાં અનેક કાર્યો કર્યા છે.

રીયલ એસ્ટેટ પ્રોજેકટોમાં પર્યાવરણની કાળજી લેવા માટે ગ્રીન બિલ્ડીંગ નિયમો, ઉર્જા સક્ષમ ડિઝાઈન તથા વોટર સાયકલીંગ અપનાવવાની સલાહ આપી છે. રેરા કાયદાથી ઘર ખરીદવા ગ્રાહકોના હિતોનું રક્ષણ થયુ છે. વ્યવહારો પારદર્શક બન્યા છે. ભરોસો વધ્યો છે અને બિલ્ડરોને પણ સરળતા થઈ છે.

## ટ્રમ્પે ફોડયો પ્રાઈઝ બોંબઃ દવાઓ ૭૦૦ ટકા સસ્તી કરી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક દવા બજારમાં 'તોફાન' મચાવી દીધું  છે, જેની ગરમી ભારતમાં પણ અનુભવાઈ રહી છે. ટ્રમ્પે અમેરિકામાં ઉપલબ્ધ દવાઓના ભાવમાં 300% થી ૭00% સુધીના ઐતિહાસિક ઘટાડાની જાહેરાત કરી છે. આ નિર્ણયથી અમેરિકન જનતાને રાહત તો મળી છે જ, પરંતુ ભારતીય દવા નિકાસકારોની ઊંઘ પણ હરામ થઈ ગઈ છે.

વોશિંગ્ટનમાં એક હાઇ-પ્રોફાઇલ મીટિંગ દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે અમેરિકા હવે દવાઓ માટે વધુ પડતી કિમતો ચૂકવશે નહીં. ટ્રમ્પે કહ્યું, દશકોથી, અમેરિકનોને વિશ્વની સૌથી મોંઘી દવાઓ ખરીદવાની ફરજ પાડવામાં આવતી હતી. પરંતુ હવે એવું નહીં થાય. અમે મોસ્ટ ફેવર્ડ નેશન્સ પ્રાઈસિગ લાગુ કરી રહ્યા છીએ. આનો અર્થ એ છે કે વિશ્વના કોઈપણ દેશમાં દવા માટે સૌથી ઓછી કિમત હવે અમેરિકામાં પણ લાગુ પડશે.

ભારતને વિશ્વની ફાર્મસી કહેવામાં આવે છે. ભારતીય કંપનીઓ અમેરિકામાં મોટી માત્રામાં સસ્તી જેનેરિક દવાઓ નિકાસ કરે છે. ટ્રમ્પના આ નવા નિર્ણયની ભારત પર બેવડી અસર પડી શકે છે. પ્રથમ, ભારતમાં દવાના ભાવ વિશ્વમાં સૌથી નીચા છે. જો અમેરિકા આ ભાવોને પોતાનો બેન્ચમાર્ક બનાવે છે, તો ભારતીય કંપનીઓના નફામાં ઘટાડો થશે, જેની સીધી અસર ભારતીય સપ્લાય ચેઈન પર પડશે. બીજું, ટ્રમ્પે સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે તેઓ અન્ય દેશોને ભાવ ઘટાડવા માટે ટેરિફનો ઉપયોગ કરશે. તેમણે કહ્યું, ટેરિફ વિના, આપણે ક્યારેય આ લક્ષ્ય પ્રાપ્ત કરી શક્યા ન હોત.

ઘોષણા દરમિયાન, ટ્રમ્પ સાથે આરોગ્ય સચિવ રોબર્ટ એફ કેનેડી જુનિયર (આરએફકે જુનિયર), વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિક અને ડો. મેહમેટ ઓઝ પણ હતા. નોવાર્ટિસ, સનોફી અને જીએસકે સહિત વિશ્વની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓના સીઈઓએ પણ કરાર પર હસ્તાક્ષર કર્યા.

અમેરિકા ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટે સૌથી મોટું બજાર છે. ભાવમાં ભારે ફેરફાર ભારતીય કંપનીઓના આવક માર્જિન પર દબાણ લાવશે. આ સમાચાર બાદ, રોકાણકારો સન ફાર્મા, ડો. રેડ્ડીઝ અને સિપ્લા જેવી મોટી ભારતીય કંપનીઓના શેર પર નજીકથી નજર રાખી રહ્યા છે. ટ્રમ્પ હવે ફાર્માસ્યુટિકલ ઉત્પાદનને અમેરિકામાં સ્થાનાંતરિત કરવા માટે દબાણ કરી રહ્યા છે, જેનાથી ભારતીય નિકાસ ઘટી શકે છે

## મોદી - અદાણીના ડીપફેક વીડિયોને દૂર કરવા કોંગ્રેસને આદેશ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કોંગ્રેસ પક્ષ અવારનવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના ટોચના ઉદ્યોગપતિઓ વચ્ચેના સંબંધો અંગે ખોટી રીતે દર્શાવીને રાજકીય આક્ષેપબાજી કરે છે અને સંસદમાં પણ આ પ્રકારના આક્ષેપો જોવા મળે છે પરંતુ હાલમાં અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કોર્ટે એક ચુકાદામાં વડાપ્રધાન મોદી અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના એક ડીપફેક વીડીયોને ૭૨ કલાકમાં દૂર કરવા કોંગ્રેસ ઉપરાંત સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એપ તેમજ ગુગલને આદેશ આપ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠનેતા જયરામ રમેશ, સુપ્રિયા શ્રીનાથે અને પવન ખેડા તથા ઉદયભાનુ સામેના કેસમાં ગૌતમ અદાણીની કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લી.એ કરેલી ફરિયાદ સ્વીકારીને આ આદેશ આપવામાં આવ્યો હતો. અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કોર્ટના ચુકાદામાં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, આ પ્રકારના વીડિયો પ્રાથમિક રીતે બદનક્ષી થાય તે પ્રકારના છે અને તે સોશ્યલ મીડિયામાં વાયરલ કરવા તે ફરિયાદની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચાડે છે.

આ કેસ સંદર્ભમાં કોંગ્રેસના નેતાઓને તા.૨૯ ડિસેમ્બરે હાજર થવા આદેશ આપ્યો છે. આ વિડીયોમાં વડાપ્રધાન મોદી અને ગૌતમ અદાણી વચ્ચે એક ડીપફેક વાર્તાલાપ દર્શાવવામાં આવ્યો છે.

જેમાં કહેવાયું છે કે, મોદી-અદાણી ભાઈ-ભાઈ દેશ બેચકર ખાય મલાય... જેમાં કોંગ્રેસ પક્ષ અને અન્ય સાત સામે બદનક્ષીનો દાવો કરવામાં આવ્યો હતો. ડીસ્ટ્રીક્ટ કોર્ટે જણાવ્યું હતું કે ઈન્ફરમેશન ટેકનોલોજી એક્ટ અને ડીજીટલ મીડિયા એથીક કોડ બન્ને રીતે આ પ્રકારના સોશ્યલ મીડિયા પરના કુત્યને સ્વીકારી શકાય નહીં.

## અમેરિકાની એરસ્ટ્રાઈકઃ સીરિયામાં આઈએસઆઈએસના ૭૦ ઠેકાણા તબાહ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**



અમેરિકાએ સીરિયામાં ઇસ્લામિક સ્ટેટ વિરુદ્ધ લશ્કરી ઝુંબેશ શરૂ કરી છે. અમેરિકન સૈનિકો અને એક અમેરિકન નાગરિકના મોત બાદ, ટ્રમ્પ વહીવટીતંત્રે શુક્રવારે સીરિયામાં  ના લક્ષ્યો પર હવાઈ હુમલા કરીને બદલો લીધો. અમેરિકાએ સ્પષ્ટપણે કહ્યું કે આ યુદ્ધની શરૂઆત નથી, પરંતુ તેના નાગરિકોની હત્યાનો બદલો છે.એક અમેરિકન અધિકારીએ આ હુમલાને મોટા પાયે હુમલો ગણાવ્યો, જેમાં મધ્ય સીરિયામાં ના ૭૦ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા જ્યાં આઈએસઆઈએસનું માળખું અને શષો સ્થિત હતા. અન્ય એક અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે વધુ હુમલાની અપેક્ષા છે. અમેરિકાએ સીરિયામાં ઈસ્લામિક સ્ટેટ વિરુદ્ધ મોટી લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે. અમેરિકન સૈનિકો અને એક અમેરિકન દુભાષિયાના મોત બાદ, ટ્રમ્પ વહીવટીતંત્રે શુક્રવારે સીરિયામાં આઈએસના લક્ષ્યો પર વ્યાપક હવાઈ હુમલા કરીને બદલો લીધો. અમેરિકાએ સ્પષ્ટપણે કહ્યું છે કે આ યુદ્ધની શરૂઆત નથી, પરંતુ તેના નાગરિકોની હત્યાનો જવાબ છે. અમેરિકન સંરક્ષણ સચિવે એમ પણ કહ્યું કે આ યુદ્ધની શરૂઆત નથી, પરંતુ આપણો બદલો છે.

લગભગ એક અઠવાડિયા પહેલા, સીરિયાના રણમાં થયેલા એક ઘાતક હુમલામાં બે અમેરિકન સૈનિકો અને એક અમેરિકન નાગરિક દુભાષિયા માર્યા ગયા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ હુમલા માટે સીધા ઇસ્લામિક સ્ટેટને દોષી ઠેરવ્યું હતું. ત્યારબાદ, ટ્રમ્પે ખૂબ જ કડક હુમલાની જાહેરાત કરી. આ હુમલાના ભાગ રૂપે, યુએસ સેનાએ મધ્ય સીરિયામાં આઈએસઆઈએસ ઠેકાણાઓ અને શષોના ડેપોને નિશાન બનાવ્યા.

અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલો મોટા પાયે હતો. સીરિયાના વિવિધ વિસ્તારોમાં આઈએસઆઈએસના ૭૦ ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ લક્ષ્યોમાં આઈએસઆઈએસનું માળખાગત સુવિધા, શષોનો સંગ્રહ સુવિધાઓ અને કાર્યકારી સ્થાનોનો સમાવેશ થાય છે. અધિકારીઓએ સંકેત આપ્યો છે કે આગામી દિવસોમાં વધુ હુમલા થઈ શકે છે. યુએસ સંરક્ષણ સચિવે જણાવ્યું હતું કે આ યુદ્ધની શરૂઆત નથી, પરંતુ બદલો લેવાની ઘોષણા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ, યુએસએ જણાવ્યું હતું કે જે લોકો વિશ્વમાં ગમે ત્યાં અમેરિકનોને નિશાન બનાવે છે તેમને શોધી કાઢવામાં આવશે અને ખતમ કરવામાં આવશે. યુએસ નિવેદનમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ કાર્યવાહીમાં મોટી સંખ્યામાં દુશ્મનો માર્યા ગયા હતા અને કાર્યવાહી ચાલુ રહેશે.

## ચેક બાઉન્સ કેસને પ્રી ટ્રાયલમાં રદ ન કરી શકાયઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક મહત્વપૂર્ણ ફેસલામાં કહ્યું છે કે 'હાઈકોર્ટ ચેક બાઉન્સની ફરિયાદ સાથે સંકળાયેલ આપરાધીક કાર્યવાહીને પ્રી-ટ્રાયલના તબકકામાં રદ ન કરી શકે. સુપ્રીમ કોર્ટ પટણા હાઈકોર્ટના એક ફેસલાને રદ કરીને આ ટિપ્પણી કરી છે.

જેમાં ચેક બાઉન્સના ચેકના કેસને પ્રી ટ્રાયલ તબકકામાં જ રદ કરી દીધો હતો. જસ્ટીસ મનોજ મિશ્રા અને ઉજજવલ ભુઈયાની બેન્ચે પોતાના ફેસલામાં કહ્યું હતું કે ઉચ્ચ ન્યાયાલય દ્વારા કેસના વિવાદીત તથ્યો પ્રી-ટ્રાયલ તપાસ કરીને ચેક બાઉન્સ કેસ સાથે સંકળાયેલા આપરાધિક કાર્યવાહીને રદ કરવું પુરી રીતે અનુચીત અને ખોટું છે, ખાસ કરીને નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ૧૮૮૧ની કલમ ૧૩૯ અંતર્ગત એક કાનુની અનુમાન ફરિયાદીના પક્ષમાં કામ કરતા હોય.

બેન્ચે જણાવ્યું હતું કે અમારું માનવું છે કે હાઈકોર્ટે પ્રી-ટ્રાયલ તબકકામાં એ તપાસ કરીને ભુલ કરી કે ચેક કરજ કે જવાબદારી ચૂકવવા માટે ઈશ્યુ કરાયો હતો કે નહીં, અમારા વિચારથી, સીઆરપીસીની કલમ ૪૮૨ અંતર્ગત શક્તિનો ઉપયોગ કરતા હાઈકોર્ટ દ્વારા આવી તપાસ કરવી બરાબર નહોતું, ખાસ કરીને જયારે ફરિયાદોના આરોપોથી ખબર પડે છે કે ચેક જવાબદારી ચૂકવવા માટે ઈશ્યુ કરવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કાયદાની જરૂરી શરતો ફરિયાદના આરોપોથી પહેલી નજરે પુરા થઈ જાય છે એટલે અમારા વિચારથી હાઈકોર્ટ પ્રી ટ્રાયલ સ્ટેજ પર ના તો સમન આદેશ અને ના તો ફરિયાદને રદ કરી શકતી હતી.

સુપ્રીમકોર્ટે પટણા હાઈકોર્ટના જૂન ૨૦૧૯ના એક ફેસલાને પડકારતી અપીલને સ્વીકારીને આ ફેસલો સંભળાવ્યો હતો. જેમાં ફરિયાદ મામલા સાથે સંકળાયેલ આપરાધિક મામલાને રદ કરી દેવાયો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટ ચેક બાઉન્સની ફરિયાદને બહાલ કરી દીધી. અપીલ કરનારે એનઆઈ એકટની કલમ ૧૩૮ અંતર્ગત એક વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી દાવો કર્યો હતો કે સામાનની ડિલીવરીના બદલામાં તેને આપવામાં આવેલ ૨૦ લાખ રૂપિયાનો ચેક બાઉન્સ થયો હતો.

# જામનગર ૧૨,૪૧,૦૯૭ મતદારો પૈકી હાલમાં પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ રોલમાં કુલ ૧૦,૬૩,૬૨૦ મતદારોનો સમાવેશ કરાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ૧,૭૭,૪૭૭ મતદારોને ડ્રાફ્ટ યાદીમાંથી બાકાત રખાયા જેમાં અવસાન પામેલા ૪૩,૧૧૨, સ્થળાંતરિત ૮૯,૦૨૯, ગેરહાજર કે મળી ન આવતા ૩૫,૪૫૦ મતદારોનો સમાવેશ.જેઓના નામ મતદાર યાદીમાં નથી તેવા મતદારો તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં હક્ક-દાવા અને વાંધા અરજી રજૂ કરી શકશે.જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કર દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ ની વિગતો જાહેર કરવા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ.જામનગર, જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે તારીખ ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મુસદ્દા મતદાર યાદી અન્વયે તથા SIR આગામી કામગીરી બાબતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત જિલ્લામાં હાથ ધરવામાં આવેલી કામગીરી અને આગામી કાર્યક્રમોની વિસ્તૃત માહિતી કલેક્ટર દ્વારા રજૂ કરવામાં આવી હતી.મુસદ્દા મતદારયાદીની આંકડાકીય સ્થિતિ.કેતન ઠક્કરે માહિતી આપતા જણાવ્યું હતું કે, તા. ૨૭/૧૦/૨૦૨૫ની સ્થિતિએ જિલ્લામાં કુલ ૧૨,૪૧,૦૯૭ મતદારો નોંધાયેલા હતા. જે પૈકી આજરોજ તારીખ ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ રોલમાં કુલ ૧૦,૬૩,૬૨૦ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વહીવટી પ્રક્રિયા દરમિયાન ચકાસણી કરતા કુલ ૧,૭૭,૪૭૭ મતદારોને ડ્રાફ્ટ યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે.અવસાન પામેલા ૪૩,૧૧૨.સ્થળાંતરિત ૮૯,૦૨૯

ગેરહાજર/મળી ન આવતા ૩૫,૪૫૦.ડુપ્લીકેટ નોંધણી ધરાવતા ૬૪૩૭ તથા અન્ય ૩,૪૪૯ મતદારોનો સમાવેશ થાય છે.સુધારણા કાર્યક્રમનું સમયપત્રક કલેક્ટરએ જણાવ્યું કે, મતદારયાદીને ક્ષતિરહિત બનાવવા માટે ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત કરાયેલ સમયપત્રક મુજબ કામગીરી હાથ ધરવામાં આવશે.હક્ક-દાવા અને વાંધા અરજી સ્વીકારવાનો સમયગાળો તા.૧૯/૧૨/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬.નોટીસ તબક્કો નિકાલની પ્રક્રિયા.તા. ૧૯/૧૨/૨૦૨૫ થી તા. ૧૦/૦૨/૨૦૨૬ દરમિયાન EROs,AEROs & Ass.AEROs દ્વારા હક્ક-દાવાઓનો નિકાલ કરવામાં આવશે.મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ.તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ આખરી મતદારયાદી જાહેર કરવામાં આવશે.નવા મતદારો માટે.અપીલ.કલેક્ટરએ જણાવ્યું હતું કે, જે યુવા મતદારોની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થઈ હોય તેઓ ફોર્મ નં. ૦૬ ભરીને નવા મતદાર તરીકે નોંધણી કરાવી શકે છે. તેમજ નામ કે વિગતોમાં સુધારા માટે ફોર્મ નં. ૦૮ ભરી શકાશે. આ કામગીરીમાં સહકાર આપવા માટે તેમણે તમામ રાજકીય પક્ષો અને નાગરિકોને અનુરોધ કર્યો છે.વધુમાં, NO-Mapping થયેલા ૧,૨૯,૧૨૮ મતદારો અને લોજિકલ ડિસ્ક્રીપન્સીસ ધરાવતા મતદારોને નોટિસ પાઠવી, પુરાવાઓની ચકાસણી બાદ ERO અને AERO દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

# ધુંવાવ નજીક પુરપાટ દોડતી કારની હડફેટે બાઈકસવાર યુવકનું ઘટના સ્થળે નિપજ્યું મોત અન્ય બે ઘાયલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક ધુંવાવ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલી કારના ચાલકે બાઈકને ઠોકરે લેતાં ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર પર પ્રાંતિય યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું છે. જ્યારે પાછળ બેઠેલા એક બાળક અને એક યુવાનને ગંભીર ઇજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.



વિગત અનુસાર જામનગર નજીકના ધુંવાવ પાસે વહેલી સવારે પુરપાટ વેગે આવી રહેલી જી.જે. ૧૦ ડી.જે.૮૪૪૧ નંબરની ફોર્ચ્યુન કારના ચાલકે સામેથી આવી રહેલા એક બાઇકને ઠોકરે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર મનુ ડાવર નામના મૂળ મધ્યપ્રદેશ અને હાલ. જામનગર રહેતા યુવાનનું ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે તેની સાથે જ બાઈક પર બેઠેલા એક ૧૨ વર્ષ ના બાળક તથા અન્ય એક યુવાન કે જે બંનેને ગંભીર ઈજા થઈ હોવાથી બન્ને માર્ગ પર ઢળી પડ્યા હતા.આ અકસ્માતના બનાવની જાણ થતા પંચકોશી એ. ડિવિઝનના પી.આઇ. એન.એમ.શેખ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા, અને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ ની ટિમ ની મદદ લઈ સૌપ્રથમ એક બાળક સહિતના બે ઈજાગ્રસ્તોને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જ્યારે કારના ચાલક હારુન કાંટેલિયા કે જેની અટકાયત કરી લઇ પોલીસ મથકમાં બેસાડી દીધો, અને તેની કાર કબજે કરી લીધી છે. ઉપરાંત મૃતક યુવાન નો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ ની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર એલસીબીએ ૩૯૮ બોટલ દારૂ સાથે એક ઝડપ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર એલસીબીની ટીમે શહેરના કડિયાવાડ વિસ્તારમાં એક રહેણાં મકાન પર દરોડો પાડી ૩૯૮ બોટલ દારૂ સાથે મકાન માલિકની અટકાયત કરી હતી. સપ્લાયરનું નામ ખુલતાં પોલીસે તેને ઝડપી લેવા તપાસ તેજ બનાવી છે.જામનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે જામનગર શહેરમાં કડિયાવાડ, વિશ્વકર્મા ચોક, સાંઇબાબાના મંદિર પાસે રહેતો રોહિતભાઇ ઉર્ફે ગટુ જેન્તીભાઇ ચાવડા ઉ.વ.૩૫નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે ઇંગ્લીશ દારૂનો સંગ્રહ કરી વેપલો કરી રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીી રોહિત ચાવડાના રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો.મકાનની તલાશી લેતાં પોલીસને રૂા.૧,૩૮,૭૦૦ ની કિંમતની ૩૯૮ ઇંગ્લીશ દારૂની બોટલો મળી આવી હતી. આથી પોલીસે દારૂના આ જથ્થ સહિત રૂા.૫૦૦૦ નો મોબાઇલ મળી કુલ રૂા.૧,૪૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી રોહિતની અટકાયત કરી હતી.પોલીસની વધુ પૂછપરછ દરમિયાન દારૂનો આ જથ્થો સપ્લાય કરનાર સંદિપભાઇ રહે.વાપી વલસાડનું નામ ખુલતાં પોલીસે વાપી તરફ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.આ કાર્યવાહી પીઆઇ વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ પી.એન.મોરી તથા સી.એમ. કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, ધમેન્દ્રસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઇ પરમાર, ભરતભાઇ ડાંગર, ધનશ્યામભાઇ ડેરવાળીયા, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, સુરેશભાઇ માલકીયા, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા શૈલેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામાં આવેલ છે.

# અલિયાબાડાની જવાહર નવોદય વિદ્યાલય ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન' યોજાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિદ્યાર્થીઓએ અટલ ટિંકરિંગ લેબના માધ્યમથી રોબોટિક્સ અને ઈલેક્ટ્રોનિક્સમાં કૌશલ્ય દાખવ્યું કલેક્ટરએ વિદ્યાર્થીઓના ઈનોવેશનને બિરદાવ્યા.પ્રદર્શનમાં વિદ્યાલયના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ગણિત અને વિજ્ઞાન વિષય આધારિત ૭૭ જેટલા વિવિધ પ્રોજેક્ટ્સ અને કૃતિઓ રજૂ કરી.જામનગર જિલ્લાના અલીયાબાડા સ્થિત પીએમ જવાહર નવોદય વિદ્યાલય ખાતે વિદ્યાલય મેનેજમેન્ટ કમિટીના ચેરમેન અને જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રદર્શનમાં વિદ્યાલયના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ગણિત અને



વિજ્ઞાન વિષય આધારિત ૭૭ જેટલા વિવિધ પ્રોજેક્ટ્સ અને કૃતિઓ રજૂ કરી હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે અમલમાં મુકાયેલ બહુઉદ્દેશીય અટલ ટિંકરિંગ લેબનો મહત્તમ ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ આર્ડીનો બોર્ડ તથા સેન્સરની મદદથી તૈયાર કરેલા ઇલેક્ટ્રોનિક્સ અને રોબોટિક પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે પ્રદર્શનની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઇલેક્ટ્રોનિક્સ રોબોટિક બેન્ડ સહિતના વિવિધ ઈનોવેટીવ પ્રોજેક્ટ્સને રસપૂર્વક નિહાળ્યા હતા. કલેક્ટરએ વિદ્યાર્થીઓની સુઝબુઝ અને મહેનતની ભારોભાર પ્રશંસા કરી હતી તથા તેમને અભિનંદન પાઠવી ભવિષ્યમાં આવા જ સંશોધનાત્મક કાર્યો કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રદર્શનમાં સૈનિક સ્કૂલ બાલાચડી, દિલ્હી પબ્લિક સ્કૂલ, કેન્દ્રીય વિદ્યાલય જામનગર અને ગોપાલદાસ બી.એડ. કોલેજના તજજ્ઞ શિક્ષકોએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે અને સામુદાયિક ભાગીદારી સુદ્રઢ બને તેવા પ્રયાસના ભાગરૂપે અલિયાબાડા તથા આસપાસના વિસ્તારના અન્ય વિદ્યાર્થીઓને પણ મોટી સંખ્યામાં આ પ્રદર્શન નિહાળવા જોડાયા હતાં.

# મોરબીમાં સાર્થક વિદ્યામંદિરમાં આગામી ૨૫ ડિસેમ્બરે દસમો ''સાર્થક તુલસી દિવસ'' ઉજવાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સાર્થક વિદ્યામંદિર ખાતે આગામી ૨૫ ડિસેમ્બર, ગુરુવારે દસમો તુલસી દિવસ ઉજવાશે. તુલસીના વૈજ્ઞાનિક, આયુર્વેદિક અને સાંસ્કૃતિક મહત્વને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજાશે.

મોરબી-૨ ખાતે આવેલા સાર્થક વિદ્યામંદિર શાળામાં આગામી તા.૨૫ ડિસેમ્બર, ગુરુવારના રોજ ''સાર્થક તુલસી દિવસ''ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે શાળા દ્વારા દસમો તુલસી દિવસ ઉજવાતો હોય ખાસ મહત્ત્વ ધરાવે છે. છેલ્લા નવ વર્ષથી સતત ઉજવાતો આ કાર્યક્રમ સમાજમાં તુલસીના મહત્વ અંગે જાગૃતિ ફેલાવતો બન્યો છે અને તેને સમાજ તરફથી નોંધપાત્ર પ્રતિસાદ પણ મળી રહ્યો છે. આ વર્ષે યોજાનાર તુલસી દિવસ દરમિયાન તુલસીના રોપા અને માંજરનું વિતરણ, મહા યજ્ઞ, સમાજના શ્રેષ્ઠીઓ તથા સંસ્થાઓનું સન્માન, વિવિધ ઓર્ગેનિક અને આયુર્વેદિક વસ્તુઓનું રાહત દરે વેચાણ તેમજ માહિતીપ્રદ પ્રદર્શનીનું આયોજન કરાયું છે. આ ઉપરાંત શાળામાં ચાલતા કંઠસ્થીકરણ પ્રકલ્પ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પાંચ કૃતિઓ અને શિક્ષણ તથા સમાજ જાગૃતિ માટે શિક્ષકો દ્વારા ત્રણ કૃતિઓ રજૂ કરવામાં આવશે. સાથે સાથે તુલસીના વૈજ્ઞાનિક મહત્વ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

આ કાર્યક્રમ સવારે ૮ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી સાર્થક વિદ્યામંદિર, મોરબી-૨ ખાતે યોજાશે. કાર્યક્રમમાં વાલીઓ, વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શાળાએ આવવાના માર્ગ પર કામ ચાલુ હોવાથી તુલસી દિવસની મુલાકાતે આવનાર લોકોને પોસ્ટ ઓફિસ વાળા ફાટકથી ડીમાર્ટ માર્ગે આવવા અને પોતાના વાહનો એલ.ઈ. કોલેજના ક્રિકેટ ગ્રાઉન્ડમાં પાર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# અપહરણના ગુન્હામાં સાત વર્ષથી ફરાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ પંથકમાં અપહરણના ગુન્હામાં પોલીસ ચોપડે ચડેલ શખ્સ છેલ્લા સાત વર્ષથી ફરાર હતો. ધ્રોલ પોલીસ સ્ટેશનના ગુન્હામાં સાત વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી લેવામાં પેરોલ ફર્લો સ્કવોડની ટીમને સફળતા મળી છે.



જામનગરની પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સપેક્ટર એમ.વી.ભાટીયા તથા ઇન્ચાર્જ પોલીસ સબ ઇન્સપેક્ટર સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફ ના માણસો નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા વર્કઆઉટ કરી રહેલ હતા. આ દરમ્યાન સ્ટાફ ને બાતમી મળી હતી કે જામનગર જિલ્લા ના ધ્રોલ પોલીસ સ્ટેશન માં સાત વર્ષ પહેલા અપહરણ અંગે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુન્હામાં નાસતા-ફરતા આરોપી સંજયભાઇ કિશોરભાઇ મકવાણા રહે. મુળ જાળીયા દેવાણી તા .ધ્રોલ જી.જામનગર હાલ રહે ગ્રીનલેન્ડ ચોકડી પાસે માર્કેટીંગ યાર્ડ પાછળ માલધારી સોસાયટી રાજકોટ વાળા ની તપાસ કરતા આરોપીને રાજકોટ થી ઝડપી લીધો હતો. અને ધ્રોલ પોલીસ સ્ટેશન માં સોંપી આપ્યો હતો.

# ઉના વેરાવળ રોડ પર દીપડાને વાહન અથડાતા મોત, ફોરેસ્ટ વિભાગ ઘટના સ્થળે પહોંચ્યું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના વેરાવળ રોડ પર વાહનોની અવરજવર થતી હોય છે અને તેથી વન્ય પ્રાણીઓ પણ તે વિસ્તારમાં આટા ફેરા મારતા હોય છે ત્યારે ઉના વેરાવળ રોડ નજીક સ્કૂલ નજીક અજાણ્યા વહન દ્વારા દીપડાને અડફેટ લેતા ઘટનાસ્થળે જ તેનું મોત થયું હોય તેવું લોકો માની રહ્યા છે પણ પ્રશ્ન એ છે કે આ કોઈ વાહન ચાલે કે દીપડાને હડફેટે લીધું છે કે કોઈ અન્ય બાબત છે જો વાહન ચલકે દીપડાને હડફેટે લીધું હોય તો આ વાહન ક્યાં



છે હાલ આ તપાસનો વિષય છે પણ લોકો માની રહ્યા છે કે દિપડા નું કોઈ અજાણ્યા વાહન ચાલકે હટ ફેટી લેતા તેનું મૃત્યુ થયું છે ત્યારબાદ અકસ્માત બાદ માર્ગ પર વાહનો થંભી ગયા હતા અને લોકોનો જમાવડો થયો હતો. ઘટનાની જાણ થતા વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

# ઉનામાં વકીલ મંડળની ચૂંટણી યોજાતા સવજીભાઈ પરમારનો વિજય થતા વકીલ મંડળમાં ખુશીઓની લહેર છ્વાઈ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં વકીલ મંડળની યોજાઈ જેમાં દાવેદાર તરીકે સવજીભાઈ પરમાર અને બીજા દાવેદાર પ્રેમજીભાઈ બારૈયા બંને સામ સામે ચૂંટણીના દાવેદારો હતા જેમાં કાંટેની ટક્કર જોવા મળી હતી જેમાં સવજીભાઈ પરમાર ૭૭ મતે થી વિજેતા થયા જ્યારે પ્રેમજીભાઈ બારૈયા તેમને ૬૦ મત મળ્યા અને જ્યારે ૧૭ મતે થી સવજીભાઈ પરમારનો વિજય થતાં ચારેકોર ફટાકડા ફોડી આ વિજય નો ઉત્સવ ઉજવ્યો



# મોરબી ''તેરા તુજકો અર્પણ'' અંતર્ગત ફ્રોડમાં ગયેલ રૂ.૪૧.૮૧ લાખની રકમ ફરીયાદીને પરત કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સાયબર ક્રાઇમ ટીમે વર્ષ ૨૦૨૩ માં વાંકાનેર તાલુકામાં થયેલા મોટા સાયબર ફ્રોડ કેસમાં અસરકારક તપાસ કરી રૂ.૪૧,૮૧,૬૮૦/-ની રકમ રિકવર કરી ''તેરા તુજકો અર્પણ'' અભિયાન અંતર્ગત ફરીયાદીને પરત અર્પણ કરવામાં આવી હતી.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી. સેલના માર્ગદર્શન હેઠળ મોરબી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા એક મહત્વપૂર્ણ સાયબર ફ્રોડ કેસમાં ફરીયાદીને ન્યાય અપાવવામાં આવ્યો છે. વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૨૩માં ઇ.પી.કો. કલમ તેમજ આઇ.ટી. એક્ટ કલમ મુજબ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં આરોપીઓએ ફરીયાદીની બોન્ઝા વિટ્રીફાઇડ કંપનીનું બોગસ ઇ-મેઇલ આઈડી અને મોબાઇલ નંબરનો દુરુપયોગ કરી ભારત સરકારના આઇસગેટ પોર્ટલ પર ખોટી રીતે યુઝર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ સરકારની આઇસગેટ સ્કીમ અંતર્ગત મળેલ રોડટેપ સ્ક્રીપ નંગ-૨૯, જેની કિંમત રૂ.૭૧,૪૫,૬૧૬/- હતી, તેની છેતરપિંડી કરવામાં આવી હતી.

આ કેસની તપાસ મોરબી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવતા પોલીસ ઇન્સપેક્ટરની આગેવાની હેઠળ અલગ-અલગ રાજ્યોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. સઘન તપાસના પરિણામે કુલ રૂ.૪૧,૮૧,૬૮૦/-ની રકમ રિકવર કરવામાં સફળતા મળી હતી. ત્યારે નામદાર અદાલતના હુકમ અનુસાર આજે ''તેરા તુજકો અર્પણ'' અભિયાન અંતર્ગત આ રિકવર કરાયેલ રકમ મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ફરીયાદીને પરત અર્પણ કરવામાં આવી હતી. આ કામગીરીથી સાયબર ગુનામાં ભોગ બનનારને ન્યાય મળ્યો હોવા સાથે મોરબી પોલીસની સાયબર ક્રાઇમ સામેની સખત અને અસરકારક કામગીરીને પણ સરાહના મળી રહી છે.

# મોરબીના ઉંચી માંડલ ગામ નજીક વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામની સીમમાં આવેલ ઝારકો સીરામીક નજીક રોડ ઉપર એક ઈસમ શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકના ઝબલા સાથે ઉભો હોય ત્યારે તાલુકા પોલીસ ટીમે તેને રોકી તેની પાસે રહેલ ઝબલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ગ્લોબસ ગ્રીન પ્રીમિયમ વ્હિસ્કીના ૧૮૦મીલી.ના બે ચપલા કિ.રૂ.૨૦૦/-મળી આવ્યા હતા, જેથી આરોપી લખમણભાઈ રમેશભાઈ કગથરા ઉવ.૧૯ રહે. શનાળા(તળાવ) ગામ પ્લોટ વિસ્તાર તા.જી.મોરબી મૂળ રહે.જાંબુડીયા ગામ વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી તેની વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને વિવિધ વિકાસ કામો અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

## શ્રમ રોજગાર મંત્રી કાન્તિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના વિવિધ વિકાસ કામો અંગેની સમીક્ષા બેઠક ઉચ્ચ, તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. આ ઉપરાંત મોરબી જીલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક પણ યોજાઈ હતી. આ તકે શ્રમ રોજગાર મંત્રી કાન્તિભાઈ અમૃતિયા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આ તકે મંત્રીઓએ જીલ્લામાં પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરી જરૂરી સૂચના અધિકારીઓને આપી હતી. તેમજ સરકારની વિવિધ સહાય સરળતાથી મળીને તે પણ અધિકારીઓને સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ હતી. આ બેઠકમાં બ્રિજ, વીજળી, રોડ તથા જીલ્લાના ડેમોની સફાઈ સહિતના પ્રશ્નો રજૂ થયા હતા. વિકાસના કામો ગુણવત્તાયુક્ત કરવા તથા કામમાં વિલંબ કરનાર અધિકારી કે કોન્ટ્રાક્ટર સામે પગલા લેવાની સૂચના મંત્રીએ આપી હતી. આ તકે મંત્રી કાન્તિભાઈ અમૃતિયાએ જીલ્લામાં કોઈ પ્રશ્નો ન રહે, લોકોને સરકારી કચેરીઓમાં ધક્કા ન ખાવા પડે તે રીતે અધિકારીઓને કામગીરી કરવાની સૂચના આપી હતી. આ તકે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, ધારાસભ્ય જીતુભાઈ સોમાણી અને દુર્લભજીભાઈ દેથરીયા, કલેક્ટર કે.બી. ઝવેરી, નાયબ વન સંરક્ષક ડો. સુનિલ બેરવાલ, અધિક નિવાસી કલેક્ટર એસ.જે. ખાચર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક નવલદાન ગઢવી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેરમાં વર્લીમટકાનો જુગાર રમતા બે ઈસમની અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બે અલગ અલગ સ્થળોએ દરોડા કરી વર્લી ફીચર્સના અલગ અલગ આંકડાઓ નોટબુકમાં લખી નસીબ આધારિત રૂપિયાની હારજીતનો જુગાર રમતા કુલ બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે.

જેમાં પ્રથમ દરોડામાં વીસીપરા ચોકમાં આરોપી જીતેન્દ્રભાઈ ગોરધનભાઈ નગવાડીયા ઉવ.૩૫ રહે. મિલ પ્લોટ વાંકાનેર વાળાને વર્લીમટકાનો જુગાર રમી રમાડતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે આરોપી પાસેથી રોકડા રૂ.૧,૨૫૦/- કબ્જે કર્યા હતા. જ્યારે બીજા દરોડામાં શહેરના મિલપ્લોટ વિસ્તારમાં જાહેરમાં વર્લી ફિચર્સનો જુગાર રમતા આરોપી ફિરોઝભાઈ હશનભાઈ કટીયા ઉવ.૪૨ રહે. મિલ પ્લોટ વાંકાનેર વાળાને રોકડા રૂ.૧,૪૫૦/-સાથે અટકાયત કરવામાં આવી છે. આ સાથે વાંકાનેર સીટી પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના મહિકા ગામે ભાડા કરાર વિના ૨૨ દુકાનો ભાડે આપનાર માલિક સામે કાર્યવાહી

વાંકાનેર તાલુકાના મહિકા ગામે આવેલ કોમ્પ્લેક્ષમાં ભાડા કરાર કર્યા વિના ૨૨ જેટલી દુકાનો ભાડે આપવામાં આવી હોવાનું વાંકાનેર તાલુકા પોલીસ ટીમની તપાસની કામગીરીમાં સામે આવતા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ કોમ્પ્લેક્ષના માલિક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના મહિકા ગામના પુલ પાસે રોડ ઉપર આવેલ કોમ્પ્લેક્ષમાં તપાસ દરમ્યાન કોમ્પ્લેક્ષના માલિક ઉસ્માનભાઈ આહમદભાઈ બાદી ઉવ.૬૫ રહે.મહિકા ગામ તા.વાંકાનેર વાળા દ્વારા કોમ્પ્લેક્ષમાં આવેલી કુલ ૨૨ દુકાનો ભાડા કરાર કર્યા વગર તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશન અને સંબંધિત કચેરીમાં માહિતી આપ્યા વગર ભાડે આપવામાં આવી હતી. આથી આરોપી કોમ્પ્લેક્ષ માલીક વિરુદ્ધ મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ વકાબેર તાલુકા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં મેદસ્વિતા નિવારણ માટે ૪ કેન્દ્રો ખાતે યોગ કેમ્પનું આયોજન

### ૨ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી સુધી કેમ્પ દરમિયાન યોગ અભિયાન, આયુર્વેદિક પીણું અને યોગ્ય ડાયેટ સાથે અસરકારક રીતે વજન નિયંત્રણ અંગેનું માર્ગદર્શન અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ શહેરમાં મેદસ્વિતા નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો મુખ્ય હેતુ લોકોમાં વધતી જતી મેદસ્વિતાની સમસ્યાને દૂર કરી નાગરિકોને સ્વસ્થ અને તંદુરસ્ત જીવનશૈલી તરફ પ્રોત્સાહન આપવાનો છે.

આ મેદસ્વિતા નિવારણ કેમ્પ તા. ૨ જાન્યુઆરી ૨૦૨૬ થી ૧ ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ ૪ કેન્દ્રો પર યોજાશે.

સિનિયર યોગ કોચ પારૂલ દેસાઈના માર્ગદર્શનમાં સાંજે ૪૩૦ થી ૬૦૦ વાગ્યા સુધી સરદાર ભવન, સરદાર સ્મારક (જી. શેઠ લાઈબ્રેરી), કિસાનપરા ચોક, રેસકોર્સ રોડ, રાજકોટ ખાતે જેમાં ભાગ લેવા માટે મોબાઈલ નં ૯૪૨૯૫ ૦૨૧૮૦ પર સંપર્ક કરવાનો રહેશે.

સિનિયર યોગ કોચ રૂપલ ચગના માર્ગદર્શનમાં સવારે ૧૦૦૦ કલાકે, ગુલમહોર પાર્ક રેસિડેન્સી, ગાર્ડન પેરેડાઈઝ હોલ, સાધુ વાસવાની રોડ, રાજકોટ ખાતે યોજાશે જેમાં ભાગ લેવા માટે મોબાઈલ નં ૮૪૬૦૦ ૧૦૧૬૦ પર સંપર્ક કરવાનો રહેશે.

યોગ કોચ સતાણી મનીષાના માર્ગદર્શનમાં બપોરે ૩૦૦ કલાકે, સ્થળ રામધણની પાછળ, ઈન્ડોર સ્ટેડિયમ, મવડી, રાજકોટ ખાતે યોજાનારા કેમ્પમાં ભાગ લેવા માટે મોબાઈલ નં ૬૩૫૧૨ ૭૭૭૬૨ પર સંપર્ક કરવાનો રહેશે. તેમજ શ્રદ્ધા ગાર્ડન, પંચશીલ સોસાયટી, ગુરુ પ્રસાદ ચોક, રાજકોટ વિસ્તારમાં યોજાનાર મેદસ્વીતા નિવારણ કેમ્પમાં ભાગ લેવા માટે મોબાઈલ નં ૬૩૫૧૨ ૭૭૭૬૨ પર સંપર્ક કરવાનો રહેશે. સંપર્ક કર્યા બાદ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિઓને નામ નોંધાવવા માટે મોકલી આપવામાં આવશે. કેમ્પ દરમિયાન ભાગ લેનાર યોગ અભ્યાસુઓને દરરોજ આયુર્વેદિક પીણું, વ્યક્તિગત ડાયેટ પ્લાન, તેમજ નિયમિત વિવિધ નિદાન દ્વારા શરીરનું વજન સપ્રમાણ રાખવા માટે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે સાથે યોગાસન, પ્રાણાયામ, ધ્યાન તથા આરોગ્યદાયક જીવનશૈલી અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે.

# રાજકોટ જિલ્લામાં ખાસ સઘન સુધારણા અંતર્ગત મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરાઈ

### જિલ્લાની આઠ વિધાનસભા બેઠક વિસ્તારમાં ૨૩.૯૧ લાખથી વધુ મતદારોની ચકાસણી પૂર્ણ; ૧૯ ડિસેમ્બરથી ૧૮ જાન્યુઆરી સુધી હક્ક-દાવા સ્વીકારાશેઃ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમપ્રકાશ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના ચૂંટણી પંચ-નવી દિલ્હી દ્વારા જાહેર કરવામાં આવેલા ખાસ સઘન સુધારણા (Special Intensive Revision - SIR) કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આજે મુસદ્દા મતદારયાદી (Draft Roll - કાચી મતદાર યાદી) પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મતદારયાદીને ક્ષતિરહિત અને પારદર્શક બનાવવાનો છે.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ડૉ. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના કુલ આઠ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ કુલ ૨૩,૯૧,૦૨૭ મતદારોની બૂથ લેવલ ઓફિસર (BLO) દ્વારા રૂબરૂ ચકાસણી કરવામાં આવી છે. આ પ્રક્રિયા દરમિયાન ૮,૨૩,૬૬૮ મતદારોનું ૨૦૦૨ની મતદારયાદી સાથે સેલ્ફ મેપિંગ કરવામાં આવ્યું છે. જ્યારે ૧૦,૦૬,૧૭૭ મતદારોનું વંશાવલી મેપિંગ કરવામાં આવ્યું છે. અવસાન પામેલા ૮૯,૫૫૩ મતદારો, કાયમી સ્થળાંતર થયેલા ૧,૬૯,૧૩૫ મતદારો, ૧૦,૭૩૬ મતદારો ડુપ્લીકેટ હોવાથી તેમજ ૭૩૦૪ મતદારોના નામ અન્ય કારણોસર જરૂરી ચકાસણી બાદ ડ્રાફ્ટ રોલમાંથી કમી કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય તે હેતુથી રાજકીય પક્ષો સાથે અત્યાર સુધીમાં કુલ પાંચ બેઠકો યોજવામાં આવી છે. તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ડ્રાફ્ટ રોલની નકલો સોંપવામાં આવી છે. ગેરહાજર, સ્થળાંતરિત અને મૃતક મતદારોની યાદી અલગથી તૈયાર કરી રાજકીય પક્ષોને આપવામાં આવી છે. જેથી કોઈ પણ સાચું નામ રદ ન થાય તેની તકેદારી રાખી શકાય. બૂથ લેવલ ઓફિસર તથા રાજકીય પક્ષોના એજન્ટો વચ્ચે સંયુક્ત બેઠક યોજીને ક્ષતિરહિત ડેટા તૈયાર કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, નાગરિકો માટે મતદારયાદીમાં નામ નોંધાવવા કે સુધારા-વધારા માટે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તા.૧૯ ડિસેમ્બરથી તા. ૧૮ જાન્યુઆરી સુધી હક્ક-દાવા અને વાંધા અરજી કરી શકાશે. ૧૯ ડિસેમ્બરથી ૧૦ ફેબ્રુઆરી સુધી નોટિસ ઈશ્યૂ કરવાની, સુનાવણી તેમજ ચકાસણીની કામગીરી કરાશે.

નવું નામ નોંધાવવા માટે (જેમની ઉંમર ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થતી હોય) તેમણે ફોર્મ નં. ૬ ભરવું. નામ રદ કરવા માટે ફોર્મ નં. ૭ ભરવું. નામ કે વિગતોમાં સુધારા-વધારા અથવા સરનામું બદલવા માટે ફોર્મ નં. ૮ ભરવું. આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ થશે.

આ મુસદ્દા મતદારયાદી કલેક્ટર કચેરી, તમામ મતદાર નોંધણી અધિકારીની કચેરી, મામલતદાર કચેરી અને નિયુક્ત મતદાન મથકો પર જોઈ શકાશે. આ ઉપરાંત CEO Gujaratની વેબસાઈટ પર પણ યાદી ઉપલબ્ધ છે.

તેમણે ઉમેર્યું હતું કે, જે મતદારોનું ૨૦૦૨ની મતદારયાદી સાથે મેપિંગ થયેલ નથી, તેઓને પ્રક્રિયા દરમિયાન નિયત પુરાવા રજૂ કરવા વિનંતી કરવામાં આવે છે.

આ તકે તેમણે એસ.આઈ.આર.ની સમગ્ર પ્રક્રિયામાં સહકાર આપનારા નાગરિકો, રાજકીય પક્ષો, બી.એલ.ઓ.નો આભાર માન્યો હતો.

# મોરબીમાં મંત્રી ત્રિકમ છાંગાના હસ્તે 'સશક્ત નારી મેળા'નો શુભારંભ કરાયો

### સ્વદેશી અભિયાન અન્વયે આયોજિત મેળામાં વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ તેમની સાથે ચર્ચા કરી મંત્રીઓએ સ્ટોલ ધારકોને પ્રોત્સાહિત કર્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન સવારે ૧૦૦૦ થી રાતના ૧૦૦૦ સુધી આયોજિત સશક્ત નારી મેળાનો મોરબી જીલ્લા પ્રભારી અને ઉચ્ચ તથા તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ શુભારંભ કરાવ્યો હતો, આ પ્રસંગે શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા ઉપસ્થિતિ રહ્યા હતા.

સરકારના વોકલ ફોર લોકલ તેમજ આત્મનિર્ભર ભારતની વિભાવનાને સાર્થક કરવા અનેકવિધ આયોજનો થઈ રહ્યા છે. ત્યારે સરકારની નારી સશક્તિકરણ તથા ઘર ઘર સ્વદેશી, હર ઘર સ્વદેશીની નેમ સાથે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન પૂરું પાડવા અને મહિલાલક્ષી ઉદ્યોગો તેમજ કામગીરીને વધુ ઉત્તેજન મળે તેવા હેતુથી મોરબીમાં તા.૧૯/૧૨/૨૦૨૫ થી ૨૧/૧૨/૨૦૨૫ દરમિયાન ત્રિદિવસીય 'સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રી ત્રિકમ છાંગા તથા કાંતિલાલ અમૃતિયાએ આ મેળાની મુલાકાત લઈને સ્ટોલ ધારકો સાથે ચર્ચા કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ મેળાનો વધુને વધુ લાભ લેવા મોરબીવાસીઓને મંત્રીઓએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી, મોરબી પ્રાંત અધિકારી પ્રવીણસિંહ જેતાવત, નાયબ જીલ્લા વિકાસ અધિકારી શૈલેષ ભટ્ટ, તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ દેસાઈ, અગ્રણી જયંતીભાઈ રાજકોટિયા તથા નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં ઢોર પકડ પાર્ટીની ફરજમાં અવરોધ, બોલાચાલી કરનાર બે મહિલા સામે પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં રખડતા પશુ પકડવાની કામગીરી દરમિયાન વાવડી રોડ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનની ઢોર પકડ પાર્ટીની કાયદેસરની ફરજમાં અવરોધ ઉભો કરી ગાયો છોડાવી જવાની ઘટનામાં બે મહિલાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા વિપુલભાઈ લખમણભાઈ છૈયા ઉવ.૨૯ રહે.મોટાભેલા ગામ તા. માળીયા(મી) વાળાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી દેવુબેન ભરવાડ અને ભાનુબેન ભરવાડ બન્ને રહે. મોરબી વાવડી રોડ કારીયા સોસાયટી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ મુજબ, ગત તા. ૦૭/૧૧/૨૦૨૫ના રોજ વિપુલભાઈ તથા તેમની ટીમ વાવડી રોડ વિસ્તારમાં રખડતા ઢોર પકડવાની કામગીરી કરી રહી હતી. દરમિયાન કારીયા સોસાયટી વિસ્તારમાંથી બે રખડતી ગાયોને ટ્રોલીમાં ચડાવવામાં આવી હતી. તે સમયે બે મહિલાઓ સહિત લોકો ભેગા થઈ બોલાચાલી શરૂ કરી હતી. જેમાં ઉપરોક્ત આરોપી દેવુબેન ભરવાડ અને ભાનુબેન ભરવાડ ઉગ્ર અવાજે બોલાચાલી કરી ટ્રેક્ટરની ટ્રોલી ઉપર ચડી જઈ એક ગાયને નીચે ઉતારી દીધી હતી અને બીજી ગાયને પણ છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી ઢોર પકડ પાર્ટીની કાયદેસરની ફરજમાં ગંભીર રીતે રૂકાવટ સર્જાઈ હતી. સમગ્ર ઘટનાનો વિડિયો સ્ટાફ દ્વારા ઉતારવામાં આવ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. બનાવ બાબતે તુરંત પોલીસને કરવામાં આવી હતી, પરંતુ પોલીસ પહોંચે તે પહેલા આરોપી બંને મહિલાઓ ત્યાંથી ભાગી ગઈ હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ ૨૨૧ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# "સશક્ત નારી મેળા" દ્વારા મહિલાઓને સશક્ત બનાવવાનો સરકારનો નવતર પ્રયાસ વોકલ ફોર લોકલને મળશે વેગ

### મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને પ્રમુખ પ્રવીણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં ૧૯ ડિસેમ્બરે ત્રિદિવસીય મેળાનો શુભારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકારના લોકકેન્દ્રિત અભિગમને વધુ મજબૂત બનાવતા ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા ''સશક્ત નારી મેળા''નો શુભારંભ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં અને જિલ્લા પંચાયત રાજકોટના પ્રમુખ પ્રવીણાબેન રંગાણીની અધ્યક્ષતામાં ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ થને શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે રાજકોટ સ્થિત RMC પ્લોટ, ઝેડ બ્લૂની સામે, અમીન માર્ગ કોર્નર, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે શે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને એક મંચ પર લાવી તેમની સિદ્ધિઓને સન્માનિત કરવાનો અને આત્મનિર્ભરતા તરફ પ્રેરિત કરવાનો છે. ''ઘર-ઘર સ્વાવલંબન''ના સંદેશ સાથે યોજાતો આ કાર્યક્રમ ''વોકલ ફોર લોકલ'' અભિયાનને પણ પ્રોત્સાહન આપશે.

કાર્યક્રમમાં સાંસદો સર્વ પરસોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા અને કેસરીદેવીસિંહ ઝાલા, ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, ડૉ. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, જયેશભાઈ રાદડિયા, ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા, ગીતાબા જાડેજા, જીતુભાઈ સોમાણી, દુર્લભજી દેથરિયા વગેરે ઉપસ્થિત રહેશે. સશક્ત નારી મેળામાં સ્વ-સહાય જૂથો, ગ્રામિણ ઉદ્યોગકારો, મહિલા ઉદ્યોગ સાહસિકો અને વિવિધ યોજનાના લાભાર્થીઓની સફળ કહાણીઓ રજૂ કરવામાં આવશે. તથા મહિલાઓ અને સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા આ મેળામાં તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ પણ કરવામાં આવશે. આ મેળામાં વિવિધ મિલેટસમાંથી બનેલા વ્યંજનો તથા અન્ય ખાદ્ય વસ્તુઓના સ્ટોલ્સ પણ રાખવામાં આવશે. રાજકોટની જનતાને આ મેળાનો લાભ લેવા જિલ્લા વહીવટીતંત્રની યાદીમાં જણાવાયું છે.

# જામનગર જીલ્લામાં 'ઓપરેશન મ્યુલ હંટ' સાયબર ફ્રોડ આચરનારા ૨૪ ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ' હેઠળ સાયબર ફ્રોડ આચરનાર ટોળકીના ૨૪ આરોપીઓની ધરપકડ કરી છે. આ ટોળકીએ મ્યુલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને કુલ રૂ ૨,૨૩,૫૮,૨૨૭નું સાયબર ફ્રોડ આચર્યું હતું. પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.રાજકોટ વિભાગના આઈ.જી.પી. અશોકકુમાર યાદવ અને પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાના નેતૃત્વમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે મ્યુલ બેંક એકાઉન્ટ સંબંધિત માહિતીના આધારે જામનગર જિલ્લામાં કુલ ૩૬૩ શંકાસ્પદ બેંક ખાતાઓની સઘન તપાસ કરી હતી.આ તપાસના પરિણામે, ૧૯૩૦ હેલ્પલાઈન પર મળેલી ૩૫ ફરિયાદોના આધારે જામનગર જિલ્લામાં સાયબર ક્રાઈમના ૨૪ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. આ મ્યુલ એકાઉન્ટ્સ દ્વારા કુલ રૂ ૨,૨૩,૫૮,૨૨૫ના સાયબર ફ્રોડના વ્યવહારો થયા હોવાનું બહાર આવ્યું છે.

આ ગુનાઓમાં સંડોવાયેલા ૫૫ આરોપીઓ પૈકી ૨૪ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ અને વધુ તપાસ ચાલુ છે.સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકો તેમજ અજાણતા કે લાલચમાં આવીને પોતાના બેંક ખાતાઓનો મ્યુલ એકાઉન્ટ તરીકે ઉપયોગ કરવા આપનાર વ્યક્તિઓને નોટિસ આપી તપાસમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા દરેક વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.જામનગર જિલ્લામાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સંકલન હેઠળ એલ.સી.બી., એસ.ઓ.જી. અને જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો દ્વારા માનવ સંસાધન અને ટેકનિકલ વિશ્લેષણના આધારે સંડોવાયેલા આરોપીઓને પકડવાની કામગીરી સઘન રીતે ચાલી રહી છે.

# મોરબીના સાવસર પ્લોટમાં લારી-ગલ્લાના દબાણથી ટ્રાફિકજામઃ પોલીસની નિષ્ક્રિયતા સામે પ્રશ્નો

### ટ્રાફિક પોલીસ ધૃતરાષ્ટ્ર બનીને કામગીરી કરી રહ્યું હોય તેવો ઘાટ ટ્રાફિક પોલીસને ફક્ત મેમો બનાવી લોકોને ખંખેરવામાં જ રસ ?

### મોરબી જિલ્લા પોલીસ વડા ટ્રાફિક સમસ્યા હલ કરવાની વાતો કરી રહ્યા છે પણ કામ ક્યારે ?

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સાવસર પ્લોટ વિસ્તારમાં હોસ્પિટલ ઝોનમાં ગેરકાયદેસર લારી-ગલ્લાના દબાણથી રોજબરોજ ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે, છતાં ટ્રાફિક પોલીસ દ્વારા અસરકારક કાર્યવાહી ન થવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મોરબી શહેરના સાવસર પ્લોટ વિસ્તારમાં શહેરની અનેક મુખ્ય હોસ્પિટલો આવેલી હોવાથી આ વિસ્તારને મેડિકલ ઈમરજન્સી માટે અત્યંત મહત્વનો ગણવામાં આવે છે. તેમ છતાં, અહીં રસ્તા ઉપર અને હોસ્પિટલ આસપાસ આડેધડ લારી-ગલ્લા વાળાઓ પોતાની કેબીનો અને લારીઓ ઊભી રાખી દેતા હોવાના કારણે વારંવાર ટ્રાફિકજામની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ દિવસ દરમિયાન ચારથી પાંચ વખત ટ્રાફિકજામ સર્જાય છે, જેના કારણે એમ્બ્યુલન્સ તેમજ ઈમરજન્સી દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડે છે. ઘણી વખત તો મેડિકલ ઈમરજન્સી સમયે દર્દીઓના જીવ પર જોખમ ઊભું થાય તેવી સ્થિતિ સર્જાતી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

આ બાબતે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં મોરબી ટ્રાફિક પોલીસ શાખા દ્વારા ગેરકાયદેસર લારી-ગલ્લા વાળાઓ સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે લોકોમાં પ્રશ્ન ઊઠી રહ્યો છે કે આખરે આ દબાણો સામે પગલાં કેમ લેવામાં આવતા નથી. હાલ સાવસર પ્લોટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા મોરબી ટ્રાફિક પોલીસથી અજાણી નથી, અનેક વાર ટ્રાફિક પોલીસને રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા મૌન અપનાવાતા નાગરિકોમાં અસંતોષ ફેલાયો છે. હવે જોવાનું રહ્યું કે આવનારા દિવસોમાં મોરબી ટ્રાફિક પોલીસ આ વિકટ સમસ્યાનું કોઈ સ્થાયી નિવારણ લાવે છે કે પછી ભૂતકાળની જેમ માત્ર મુક પ્રેક્ષક બની રહેશે ? તેવી લોકમુખે ચર્ચાએ જોર પકડ્યું છે.

## વાંકાનેરના કોટડા નાયાણી ગામે ૧૨૦૦ લીટર દેશી દારૂનો આથો ઝડપાયો, આરોપી ફરાર

વાંકાનેર તાલુકા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે કોટડા નાયાણી ગામની સીમમાં નદી કાંઠે રેઇડ કરી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતા ઠંડા આથાનો વિશાળ જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે, રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા પોલીસે તેને ફરાર દર્શાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, કોટડા નાયાણી ગામે છત્તર જવાના રસ્તે નદી કાંઠે મયુર લોરીયા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે, જે બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે રેઇડ કરવામાં આવી હતી, રેઇડ દરમિયાન અલગ અલગ બેરલમાં ભરેલ ઠંડો આથો ૧૨૦૦ લીટર કિ.રૂ.૩૦ હજાર મળી આવ્યો હતો. જ્યારે આરોપી મયુરભાઈ મનસુખભાઇ લોરીયા રહે.કોટડા નાયાણી વાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને પોલીસે ફરાર દર્શાવી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

## વાંકાનેરમાં ડાયાબિટીસગ્રસ્ત ૬૨ વર્ષીય વૃદ્ધનું હાર્ટ એટેકથી મૃત્યુ

વાંકાનેર શહેરના જીનપરા વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધને સારવાર માટે લઈ જતાં માર્ગમાં અચાનક હાર્ટ એટેક આવતાં મોત થયું હતું. બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે. વાંકાનેર શહેરના જીનપરા પ્રતાપપરા શેરી નં.૭ ખાતે રહેતા વિનોદરાય પ્રભુલાલ કટારીયા ઉવ.૬૨ લાંબા સમયથી ડાયાબિટીસની બિમારીથી પીડાતા હતા. ત્યારે ગત તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજ તેમની તબિયત બગડતાં પરિવારજનો તેમને સારવાર માટે લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન માર્ગમાં તેઓ અચાનક બે-ભાન થઈ ગયા હતા અને હાર્ટ એટેક આવતાં તેમનું મોત નિપજ્યું હતું. હાલ મૃત્યુના બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

## ગોંડલ આઈ.ટી.આઈ. ખાતે યોજાનાર રોજગાર ભરતીમેળો મોકૂફ

શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઘેલા સોમનાથથી સોમનાથની યાત્રા અંતર્ગત તા. ૨૨/૧૨/૨૦૨૫ (સોમવાર) ના રોજ આઈ.ટી.આઈ. ગોંડલ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જે હાલમાં મોકૂફ રાખવામાં આવ્યું છે તેમ મદદનીશ નિયામક(રોજગાર) રની યાદીમાં જણાવાયું છે.

# શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ

### રાજકોટ નજીક અમરેલી ગામ પાસે ૩ વર્ષમાં ૨૨૦ બેડની અદ્યતન હોસ્પિટલ નિર્માણ પામશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ નજીક આવેલા અમરેલી ગામ પાસે અદ્યતન સુવિધાસભર શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજ રોજ ૨૦ ડિસેમ્બર ને શનિવારના રોજ શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ, ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડોક્ટર પદ્મશ્રી ડૉ. રાજેન્દ્ર અચ્યુત બડવે ની ઉપસ્થિતિ-માં હોસ્પિટલની ડિઝાઈન, ઈન્ટિરિયર, સંપૂર્ણ પ્લાન અને સુવિધાઓ અંગેના લે-આઉટ પ્લાનનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નરેશભાઈ પટેલ અને પદ્મશ્રી ડૉ. રાજેન્દ્ર અચ્યુત બડવેએ પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યું હતું કે, રાજકોટ નજીક આવેલા અમરેલી ગામ પાસે કુલ ૪૩ એકર જમીન ટ્રસ્ટ દ્વારા ખરીદવામાં આવી છે. જેમાં પ્રથમ ફેઝમાં ૨૨૦ બેડની કેન્સર હોસ્પિટલ નિર્માણ કરવામાં આવશે. હોસ્પિટલનું નિર્માણ કાર્ય આગામી ૩ વર્ષમાં પૂર્ણ થઈ જશે અને દર્દીઓને સારવાર મળી રહેશે. આ હોસ્પિટલમાં કેન્સરના સારવારને લગતી તમામ સેવાઓ એક છત નીચે મળી રહેશે. સાથે જ દર્દીઓને પોઝિટિવ વાતાવરણ મળી રહે તે પ્રકારે હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. હોસ્પિટલ પરિસરમાં દર્દીઓના સગા-સંબંધીઓને રહેવા માટેની પણ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

આ હોસ્પિટલ નિર્માણમાં ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડોક્ટર પદ્મશ્રી ડૉ. રાજેન્દ્ર અચ્યુત બડવેના માર્ગદર્શન મળશે. દેશની એઈમ્સ જેવી અદ્યતન હોસ્પિટલ બનાવનાર એન્જિનિયરો આ હોસ્પિટલ નિર્માણમાં જોડાશે. આ ઉપરાંત કેન્સરના રોગ પર રિસર્ચ થઈ શકે તે માટે રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પણ બનશે.

# ગીર ગઢડાના નીતલી ગામનાં ભાવિનું અંધકારમય શિક્ષણ ! આંગણવાડી જર્જરિત હોવાને કારણે બાળકો ખુલ્લામાં ભણવા મજબૂર

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગીર ગઢડા તાલુકાના નીતલી ગામે આંગણવાડી જર્જરિત હોવાને કારણે બાળકોનું ભવિષ્ય અંધકારમાં હાલ જોવા મળ્યું છે ત્યારે સરપંચ દ્વારા અનેકવાર રજૂઆત કરવા છતાં પરિસ્થિતિ જેમની તેમ જોવા મળે છે અને આંગણવાડી છેલ્લા પાંચેક વર્ષ કરતાં વધુ વર્ષોથી આંગણવાડી જર્જરીત છે છતાં તંત્રનું પેટનું પાણી પણ હલતું નથી એક તરફ વિકાસની વાતો કરતા નેતાઓ આ પણ જોઈ લે બાળકોનું ભવિષ્ય અંધકાર જોવા મળે છે ગુજરાત સરકાર વિકાસના મોટા-મોટા દાવા કરીને પોતાની પીઠ થપથપાવી રહી છે, ગ્રામ્ય વિસ્તારોમાં જમીની હકીકત કંઈક અલગ જ કહાની કહે છે. નીતલી ગામમાં જર્જરિત આંગણવાડી આ વિકાસ મોડેલની પોલ ખોલી રહી છે. વહીવટી તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે. શું વહીવટી તંત્રની નજર હજુ સુધી આવી આંગણવાડીઓ પર પડી નથી, કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે? તે પણ હાલ પ્રશ્નો ઉઠ્યા છે હાલ આંગણવાડી નવી બને તેવી આ લોકોમાં માંગ ઉઠી છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ચોથી જાગીરનો પડકાર
સાંધ્ય દૈનિક

# સુવિખ્યાત અને લોકપ્રિય એડવોકેટ રૂપરાજસિંહ પરમારનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બાર એસોસિએશનમાં સને ૧૯૯૯થી, એટલે કે અશરે ૨૬ વર્ષ ઉપરાંત થી પોતાની વકીલાત શરૂ કરી સૌરાષ્ટ્રભર ના વકીલ આલમમાં પોતાનાં ખૂબજ મિલનસાર સ્વભાવને કારણે જાણીતા એવા અને ખૂબજ બહોળો મિત્ર વર્ગ ધરાવતા રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમારનો આજે જન્મદિવસ છે.

એડવોકેટ રૂપરાજસિંહ પરમારના દાદા પોતાના વખતના ધુરંધર અને ખૂબજ ખ્યાતનામ ધારાશાસ્ત્રી સ્વ. ક્રિપાલસિંહજી (ગરાસિયા બોર્ડિંગના પૂર્વ મુસાહેબ) અને પોતાના પિતાજી ધારાશાસ્ત્રી સ્વ. રાજકુમારસિંહજીનો વકીલાતનો વારસો જાળવી રાખી પરિવારનુ નામ રોશન કરેલું છે. મોસાળ પક્ષે તેમના નાના બાપુ સ્વ. મહારાજ શંભુસિંહજી રાઠોર ઓફ અમલેટા (રતલામ સ્ટેટ) એ પણ અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી એમ. એ. તથા એલ. એલ. બી. ની ડિગ્રીઓ પ્રાપ્ત કરેલી હતી. રૂપરાજસિંહ ના દાદા સ્વ. ક્રિપાલસિંહજી એ ૧૯૨૮ થી વકીલાત ચાલુ કરેલી અને રૂપરાજસિંહ ના જ્યેષ્ઠ પુત્ર પ્રેમરાજસિંહ પણ વકીલાત ક્ષેત્રે પદાર્પણ કરી ચૂકેલ છે અને તે રીતે તેમની ચોથી પેઢી સુધિની વકિલાત ફોજદારી ક્ષેત્રે અશરે ૧૦૦ વર્ષ થવા જય રહેલ છે.

રૂપરાજસિંહ સૌરાષ્ટ્રના ધારાશાસ્ત્રી અને ભાજપના પાયાના પથ્થર સ્વ. ચીમનભાઈ શુકલ અને પિતા સ્વ. રાજકુમાર ક્રિપાલસિંહજીની છત્રછાયામાં વકીલાતના વ્યવસાયનો પ્રારંભ કર્યો હતો. ૨૬ મહિનાની સરકારી વકીલ તરીકેની કારકિર્દીમાં ખૂન, લૂંટ જેવા અશરે ૨૪ કેસો મા ૫૦ થી વધુ આરોપીઓ ને સજા કરવામાં સફળ રાહેલ. તેમજ એક આરોપી જે બેભાન કરી ને લોકો ને લૂંટી લેતો તેને ૩૦ વર્ષની સીમાચિન્હ રૂપી સજા કરાવવામાં સરકાર તરફે સફળ રજુઆત કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે બજરંગવાડી વિપ્ર દંપતીની પોલિસમેન દ્વારા કરાયેલા બેવડી હત્યાના કેસમાં તેઓને સરકારશ્રી દ્વારા સ્પેશ્યિલ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતા. તદ્ ઉપરાંત રૂપરાજસિંહેએ બચાવ પક્ષે તેમજ ફરિયાદ પક્ષે પણ સૌરાષ્ટ્રભરમાં ચકચાર જગાવનાર અનેક કેસો જેવાકે પોરબંદર હાથલા ત્રિપલ મર્ડર કેસ, હળવદના ગોલાસણ ડબલ મર્ડર કેસ તથા (ફરિયાદપક્ષે) કાળીપાટ ડબલ મર્ડર કેસ, ઠેબચડા મર્ડર કેસ તથા સાધુવાસવાણી રોડ પરના ભરવાડ ભાઈઓના ડબલ મર્ડર કેસ જેવા અનેક કેસોમાં સફળતાપૂર્વક કામગીરી કરી છે અને હાલ પણ અનેક ફોજદારી કેસો જેવાકે જયરાજસિંહ જાડેજા મર્ડર કેસ, આરીફ ચાવડા મર્ડર કેસ, ગુજસીટોક તથા જીપીઆઈડી તેમજ મોરબી ઝૂલતો પુલ કેસ વિગેરે જેવા અનેક ચકચારી કેસોમાં કામગીરી કરી રહેલ છે.

રૂપરાજસિંહ પરમારે રાજકોટ શહેર ભાજપ લીગલ સેલમાં ૧૦ વર્ષ ઉપરાંત મહામંત્રી તરીકે સફળતાપૂર્વક જવાબદારી સાંભળેલી. જુનિયર-સિનિયર તમામ વકીલો ને હરહંમેશ કાયદાકીય બાબતોમાં મદદરૂપ થવા તત્પર રહેનાર રૂપરાજસિંહ પરમારને તેમના જન્મદિવસે શુભેચ્છકો દ્વારા રૂબરૂ તથા મો. નં. ૯૭૨૪૧ ૪૨૭૫૪ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહેલી છે. અને તેમની ટીમના વકીલમીત્રો અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિહ ઝાલા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ તથા જીતભાઈ શાહ વિગેરે દ્વારા તેમને ખાસ શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં વિજેતા બનતી RBA પેનલ

### વકીલોએ સુમિત વોરાને પોતાના નેતા તરીકે સ્વીકાર્યાઃ સિધ્ધરાજસિંહ જાડેજાની જીતઃ સેક્રેટરી નિલેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા, ખજાનચી તરીકે પ્રગતિ માકડિયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ ચૂંટાઈ આવ્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બાર એસોસિએશન વર્ષ ૨૦૨૪-૨૫ના ટર્મ માટેના રસાકસીભર્યા ચૂંટણી જંગનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. આ ચૂંટણીમાં RBA પેનલનો દબદબો રહ્યો છે, જેમાં વકીલોએ સુમિત વોરાને પ્રમુખ તરીકે ચૂંટીને તેમના નેતૃત્વ પર મહોર મારી છે. જોકે, ઉપપ્રમુખ પદે સમરસ પેનલના ઉમેદવારે જીત મેળવી રસાકસી જાળવી રાખી હતી.

આ ચૂંટણી કુલ ૪,૩૪૯ નોંધાયેલા મતદારો હતા. જેમાંથી ૨,૭૧૫ વકીલોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. બપોર પછી મતગણતરી શરૂ થતા જ સમરસ પેનલના સમર્થકમાં નિરાશાના વાદળો છવાઈ ગયા પ્રથમ રાઉન્ડથી આરબીએ પેનલના તમામ ઉમેદવારો આગળ રહ્યા હતા પણ આશરે મતગણતરીની ૨ કલાક બાદ ઉપપ્રમખુ પદે સમરસના સિધ્ધરાજસિહ જાડેજાએ બિમલ જાનીને લીડ આપવાનું શરૂ કર્યું હતું જો કે ૪-૫ રાઉન્ડ સુધી ૩૦-૪૦ મતનો ગાળો હતો જે ધીમે ધીમે વધતો ગયો અને આખરે હોદેદારોની એક જગ્યામાં સમરસ પેનલ બાજી મારી હતી.

ચુંટણીનું રીઝલ્ટ જાહરે થતાં જ કોર્ટ પરિસરમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો અને વકીલો વિજેતા ઉમેદવારોને હાર પહેરાવી અને ફટાકડા ફોડી ઉજવણી કરતા નજરે પડયા હતા.

# થોરાળામાં વ્યાજખોરોના ત્રાસથી યુવાનનો એસીડ પી આપઘાતનો પ્રયાસ

### ૧૦ ટકા લેખે એક લાખ રૂપિયા વ્યાજે લીધા બાદ ચાર મહિનાથી વ્યાજખોર ધમકી આપતો હોવાનો યુવકનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળામાં રહેતા યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યાનું સામે આવતા થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. આ અંગેની વિગતો મુજબ, નવા થોરાળામાં રહેતો અને ઢેબર રોડ ઉપર ફર્નિચરની દુકાનમાં કામ કરતો સાગર ધનજીભાઈ ચૌહાણ નામના યુવકે તેના બીમાર પુત્રની સારવાર કરવા માટે નાણાની જરૂર હોય પોણા બે વર્ષ પહેલા શની ઉર્ફે બોબડો પ્રભુભાઈ સોલંકી પાસેથી પોણા બે વર્ષ પહેલા ૧૦ ટકા લેખે ૧ લાખ રૂપીયા વ્યાજે લીધા હતા. દરમિયાન દર મહિને ૧૦૦૦૦ વ્યાજ ચુકવતો હતો. છેલ્લા ચારેક માસથી વ્યાજના પૈસાની સગવડ ન થતા આપી શક્યો ન હોય જેથી ઉશ્કેરાયેલા સોલંકીએ ફોન તેમજ રૂબરૂ ઘસી આવી પઠાણી ઉઘરાણી કરતો હોય, જેથી કંટાળી ગઈ તા. ૧૦ના રોજ ભાવનગર રોડ પર આરએમસીના ઢોર ડબ્બા પાસે એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો અને તેની માતાને જાણ કરી હતી. દરમિયાન તેના પરિવારજનોએ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. દરમિયાન પોલીસની પુછપરછમાં તેને વ્યાજખોર શની સોલંકીના ત્રાસથી કંટાળી આ પગલુ ભર્યું હોવાનું જણાવી ફરિયાદ કરતા થોરાળા પોલીસ મથક ના એ.એસ.આઈ. જી.ડી.શિયાળ સહિતના સ્ટાફે ગુનો નોંધી શની સોલંકીને પકડી લેવા હાથ ધરી છે.

# ભરૂડી ટોલનાકે મામાના પ્રેમ પ્રકરણમાં છ શખ્સોએ છરી અને પથ્થરના ઘા ઝીંકી નિર્દોષ ભાણેજની હત્યા કર્યાનું ખૂલ્યું

### યુવાનની હત્યા કરનાર છ આરોપીની ધરપકડઃ ભાઈના પત્નિ સાથે સંબંધ રાખવા બાબતે ખેલાયો લોહીયાળ ખેલ



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ભરૂડી જીઆઈડીસી નજીક બિહારીની હત્યા કરાયેલી હાલતમાં યુવકની મળેલી લાશ સંદર્ભે ચોકાવનારી હકીકતો સામે આવી હતી જેમાં મામાના પ્રેમ પ્રકરણમાં છ શખ્સો આણી ટોળકીએ છરી અને પથ્થરના ઘા ઝીંકી નિર્દોષ ભાણેજને રહેસીનું સામે આવતા ગોંડલ તાલુકા પોલીસે હત્યારા છ આરોપીઓની હત્યારા છ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ સવારમાં હું તથા મારો ભાણેજ ચંદનકુમાર એમ બન્ને અમારા રૂમે આરામ કરતા હતા. બપોર પછી હું તથા ચંદનકુમાર તથા ગુલ્સનકુમાર એમ ત્રણેય લોઠડા ગામે ખરીદી કરવા ગયેલ અને સાંજના સાતેક વાગ્યે પરત અમારા રૂમે આવતા રહેલ હતા. થોડીવારમાં અમારી બાજુમા આવેલ કંપની વરૂણ કાસ્ટીંગમા કામ કરતા મારા મીત્ર રાકેશકુમારએ મને ફોન કરી વાત કરેલ કે મારા મીત્રને ત્યા પ્રોગ્રામમાં જવાનુ છે.

જેથી મે કહેલ કે કયા જવાનુ છે? જેથી રાકેશકુમારે કહેલ કે ટોલનાકા પાસે મારો મિત્ર કંપનીમાં કામ કરે છે, ત્યા જવાનુ છે, તેમ કહી મને કહેલ કે તુ તથા ચંદનકુમાર તથા વીવેકકુમાર ત્રણેય આવો. જેથી મે કહેલ કે, પ્રોગ્રામ અહીંયા જ કરીએ, અમારે નાઈટ ડયુટીમાં જવાનુ છે, જેથી ત્યા દુર જવુ નથી. જેથી રાકેશકુમારએ કહેલ કે, મીત્રને ત્યા જ જવાનુ છે તેમ કહી રાકેશકુમાર મને તથા વિવેકકુમાર અને ચંદનકુમારને અમારા રૂમ ઉપર તેડવા આવેલ હતો.

જેથી હું તથા રાકેશકુમાર, ચંદનકુમાર, વીવેકકુમાર એમ ચારેય એક મોટર સાયકલમાં ટોલનાકા બાજુ જવા નીકળેલ હતા. આ વખતે રાકેશકુમાર મોટર સાયકલ ચલાવતો હતો, શાપર ખાતે પહોંચતા રાકેશકુમારે પોતાના કોઈ મિત્ર કુંદનને ફોન કરીને કહેલ કે, પ્રોગ્રામમાં જવાનુ છે જેથી વસ્તુ લઈને આવી જા. બાદ રાકેશકુમાર અમને બધાને ગામડા વિસ્તારમાં થઈ ટોલનાકાની આગળ હાઈવે રોડની બાજુમા રોડ પર લઈ જઈ મોટર સાયકલ ઉભું રાખે હતું.

તેવામાં રાકેશકુમારનો મિત્ર કુંદન આવેલ અને ચંદનકુમાર તેમજ વિવેકકુમારને મોટરસાયકલથી થોડે દૂર ખરાબાની જગ્યામાં બેસાડી પોતે રાકેશ અને કુંદન પ્રોગ્રામ અર્થે વસ્તુ લેવા ગયેલ હતા. જયારે હું મોટર સાયકલ પાસે ઉભો હતો. થોડીવારમાં રાકેશકુમાર તથા કુંદન બન્ને નાસ્તો લઇ આવેલ અને અમો બધા નાસ્તો કરતા હતા. દરમિયાન રાકેશકુમારના ભાઈ છોટેલાલ શુભાષ દરવે રહે. રતનપુર બીહાર, નવીનકુમાર મંડલ રહે.ચેનશડ બીહાર, છોટુકુમાર નરેશભાઈ મંડલ રહે. ચેનશડ બીહાર, ગનેશકુમાર ઉર્ફે ડમરૂ રહે ડુંદરીદીહ, બીહાર, અને નિરજકુમાર રાઉત રહે. ખડહરા બીહાર આવી ગયેલ હતા. જે બધા રાકેશકુમારના મીત્રો હતા. આ લોકો આવ્યા પછી રાકેશકુમાર એ કહેલ કે મારા ભાઈ નવીનની પત્ની પ્રીતી સાથે કેમ સંબંધ રાખેશ, હજુ તુ એને કેમ મેસેજ કરશ? લાવ તારો મોબાઈલ જોવા દે તેમ કહી મારી પાસે મારો મોબાઈલ માંગવા લાગેલ હતો પરંતુ મે મારો મોબાઈલ નહિ આપતાં બોલાચાલી થવા લાગેલ હતી.

બાદ આ લોકો મારી સાથે માથાકુટ કરવા લાગતા મે કહેલ કે, મે એકાદ વર્ષથી પ્રિતી સાથે કોઈ વાતચીત કરેલ નથી. જે બાદ સામાવાળા મને માર મારવા લાગેલ હતા. દરમિયાન મારો ભાણેજ ચંદનકુમાર તથા વિવેકકુમાર વચ્ચે પડેલ હતા અને હું તથા કુંદન ત્યાથી દુર જતા રહેલ હતા. જયારે રાકેશકુમાર તથા તેના મિત્રો ચંદનકુમાર સાથે મારામારી કરતા હતા. સામાવાળાએ માર મારતા વિવેકકુમાર દોડીને ત્યાથી આવતો રહેલ હતો. માથાકુટ થતી હોય જેથી કુંદન બીજા માણસોને બોલાવવાનુ કહી ત્યાંથી જતો રહેલ હતો. મોડી રાત્રી થઇ ગયેલ હોય જેથી રાહદારી કોઇ રસ્તે નિકળતુ ન હોય અને આ લોકો વધારે હોય જૈથી હુ મારા ભાણેજને મારતા હતા ત્યા બીક લાગતા ગયેલ ન હતો. બાદ રાકેશકુમારે મારા ભાણેજ ચંદનકુમારનું પાછળથી ગળુ પકડી લીધેલ અને તેના મિત્રો મારામારી કરતા હતા. ત્યારપછી રાકેશભાઈના મિત્રોએ ચંદનકુમારને પકડી રાખી જયારે રાકેશકુમારે છરી વડે, છોટાલાલ પથ્થર વડે ભાણેજ પર તૂટી પડયો હતો. ચંદનકુમાર લોહીલુહાણ હાલતમાં મળી આવેલ અને માથામાંથી લોહી નીકળી રહ્યું હતું અને પેટમાંથી આંતરડા બહાર નીકળી ગયેલ હતા. જેથી તેને ૧૦૮ એમ્બયુલન્સમાં બેસાડી ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે લઇ જવાયો હતો. જયા ફરજ પરના તબીબે મારા ભાણેજને મૃત જાહેર કરી દીધો હતો.

આ અંગે ગોંડલ તાલુકા પીઆઈ વી એમ ડોડીયા અને રાઈટર મુકેશભાઈ મકવાણા સહીતની ટીમોએ ગણતરીની કલાકોમાં જ તમામ હત્યારાઓને દબોચી લીધા હતા. પોલીસે હાલ તમામ આરોપીઓને પાંચ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના વેપારીએ પત્નીની સારવાર માટે લીધેલા નાણાં ચૂકવી દીધા છતાં વ્યાજખોરે આપી ધમકી

### રૂા.૨.૭૫ લાખની પઠાણી ઉઘરાણી કરી મકાન-દુકાન અને ઈક્કો ગાડી પડાવી લેવા કારસો કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પરા પીપળીયા ગામે એકતા સોસાયટીમાં રહેતાં અનાર્ધનભાઈ ભાવેન્દ્રભાઈ ખાંડા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જીતેન્દ્ર અમૃત રત્નોતર (રહે. ખીરસરા, લોધીકા) નું નામ આપતાં મેટોડા પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૧ માં આવેલ અંજલી પાર્ક સોસાયટીમાં ક્રીના પ્રોવીઝન સ્ટોર નામે કરીયાણાની દુકાન ચલાવે છે. તેમનું મુળ વતન ઓડીસા છે, તે વર્ષ ૧૯૯૮ થી રાજકોટમાં રહે છે. તેને ખાનગી વપરાસ માટે ઈકો કાર સેકન્ડ હેન્ડ ખરીદ કરેલ છે.

પાંચેક મહીના પહેલા તેમની પત્નિ અંજુનું હોસ્પીટલ ચોક રાજકોટ ખાતે અકસ્માત થયેલ હોય જેથી દવાખાનાના કામ સબબ પૈસાની જરૂર પડતા કરીયાણાની દુકાને આવતા સાગર સાથે વાત કરતા તેઓએ જીતેન્દ્ર રત્નોતર સાથે સંપર્ક કરાવેલ હતો, પાંચેક મહિના પહેલા આ જીતેન્દ્ર પાસેથી રૂ---મ.૨.૭૫ લાખ દશ ટકા માસીક વ્યાજે લીધેલ જેના બદલામાં ઈકો કારનું નોટરાઈઝ વેચાણ લખાણ કરાવી તેની આરસી

બુક સીક્યોરીટી પેટે આપેલ હતી. જેનું દર મહિનાનું રૂ.૨૭૫૦૦ વ્યાજ ચુકવતો હતો.

વ્યાજની રકમ આપવામાં મોડુ થાય તો તે પેનલ્ટી લેતા હતા. વ્યાજ તથા પેનલ્ટી સાથે પાંચેક મહીનામાં આશરે રૂ.૨ લાખ ચુકવેલ હતા. ફરીયાદીને ઈકો ગાડીની જરૂર હોય જેથી મામાના દિકરા વિશ્વનાથ ગાંગુલીના નામે રૂ.મ.૧ લાખની લોન લઈ જીતેન્દ્રના ખીરસરા ખાતેના મકાને આપવા ગયેલ અને તેના બદલામાં ઈકો ગાડી આપવાનું કહેતા આરોપીએ કહેલ કે, તારે અહીંથી જીવતુ જવુ હોય તો, તારા મકાનના તથા દુકાનનો દસ્તાવેજ અને એક કોરો ચેક આપી દે નહીતર તને જીવતો નહીં જવા દઉં તેમ કહેતા ખુબ જ ડરી ગયેલ અને ઘરે જઈ એક કોરો ચેક, મકાનના તથા દુકાનના દસ્તાવેજની નકલ લઈ આવી જીતેન્દ્રને આપી દીધેલ હતી.

વ્યાજખોરે રૂમ.૧ લાખ પણ લઈ લીધેલ અને ઈકો ગાડી આપેલ નહી. આટલા રૂપીયા આપેલ હોવા છતા વધારાના રૂમ.૨.૭૫ લાખ તથા રૂમ.૩૦ હજાર ગીરવે મુકેલ ગાડીના ખર્ચની ઉઘરાણી કરી અને જો નહી આપે તો જાનથી મારી નાખવાની અને મકાન તથા દુકાન પડાવી લેવાની ધમકી આપી ફોનમાં બેફામ ગાળો આપતા હતા.

ચેક બાઉન્સ કરી ખોટી ફરીયાદ કરવાની અને ઘર તથા દુકાન ઉપર કબજો કરવાની ધમકી આપે છે. જેથી કંટાળીને ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# નાના ભાઈના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન ઉપર ત્રિપુટીનો છરી વડે હૂમલો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા થોરાળામાં નાનાભાઈને છોડાવવા પડેલા યુવાન ઉપર ત્રણ શખ્સોએ છરી વડે હુમલો કરી માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવ-ાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ નવા થોરાળામાં ચનાભાઈની હોટલ પાસે રહેતો અનીલ દિલીપભાઇ મકવાણા (ઉ.વ.૨૭)નામનો યુવાન સાંજે ઘર પાસે હતો ત્યારે છોટુ, લાલુ અને ચનીયાએ ઝઘડો કરી છરી વડે હુમલો કરતા તેને હાથના ભાગે તથા પીઠના ભાગે છરીના ઘા લાગી જતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી થોરાળા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઇ ઈજાગ્રસ્ત યુવાનનુ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં અનીલના નાનાભાઈ સંજય સાથે આરોપીઓ ઝઘડો કરતા જેથી અનીલ નાનાભાઈને છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ અનીલ સાથે ઝઘડો કરી છરી વડે હુમલો કર્યાનુ જાણવા મળ્યુ છે. આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સસ્તા મોબાઈલની માયાજાળમાં ગ્રાહકોને ફસાવતો રીઢો શખ્સ ઝડપાયો

### છેતરપિંડી કર્યા બાદ સિમકાર્ડ તોડી નવુ સિમકાર્ડ લઈ ફરી નવો - શિકાર શોધતો તો; ફ્રોડ કરવા માટે ૫૦થી વધુ સિમકાર્ડ ખરીધા'તા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશિયલ મીડિયા પર સસ્તામાં - મોબાઈલ ફોન વેચવાની જાહેરાત - મુકી, ગ્રાહક પાસેથી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવી, મોબાઈલ નહીં આપી, પોતાનો મોબાઈલ - સ્વીચ ઓફ કરી, સીમ કાર્ડ તોડી નાખી, નવું સીમ કાર્ડ લઈ ફરીથી છેતરપિંડી કરવાની ટેવ ધરાવતાં રીઢા આરોપી જયેશ ઉર્ફે જયદિપ ઉર્ફે ડેવીડ વિઠ્ઠલ ઝાલા (ઉ.વ. ૨૩, રહે. ચિત્રકૂટ મેઈન રોડ, ચિત્રકૂટ એપાર્ટમેન્ટ)ને ગાંધીગ્રામ-૨ પોલીસે ઝડપી લીધો છે.

ક્રેડિટ કાર્ડ ફ્રોડને લગતી અરજીની ગાંધીગ્રામ-૨ના એએસઆઈ સંજયભાઈ ઠાકર - તપાસ કરતા હતા ત્યારે જયેશનું નામ ખુલતાં તેને ઝડપી લીધો હતો. - તપાસ કરતાં તેના વિરૂધ્ધ સાયબર ફ્રોડ કરવા અંગે અત્યાર સુધીમાં રાજકોટ, સુરત, મોરબી, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાં ૧૧ ગુના નોંધાયાનું બહાર આવ્યું છે.

૨૦૨૧ની સાલમાં રાજકોટ પોલીસે તેની પાસા પણ કરી હતી.આ રીતે આટલા બધા ગુના નોંધાયા છતાં જયેશે છેતરપિંડી કરવાનું બંધ કર્યું ન હતું. ગાંધીગ્રામ-૨ પોલીસે તપાસ આગળ ધપાવતાં સુરત, મોરબી, ગાંધીનગર, મહારાષ્ટ્ર, ગીર સોમનાથ અને રાજકોટમાં તેની આઠેક છેતરપિંડીમાં સંડોવણી ખુલી છે. જે રકમ રૂા. ૪.૨૮ લાખ છે. પોલીસે તેની પાસેથી રૂા. ૨૦,૦૦૦નો મોબાઈલ ફોન કબજે કર્યો છે. વધુ તપાસમાં એવું પણ ખુલ્યું છે કે સાયબર ફ્રોડ કરવા માટે તેણે પોતાના નામે ૫૦થી વધુ સીમ કાર્ડ લઈ લીધા હતા. તે ફ્રોડની રકમ ઓનલાઈન ટેકસી ચલાવતાં ડ્રાઈવરોના ખાતામાં જમા કરાવી ઉપાડી લેતો હતો. આ સ્થિતિમાં જયારે ગુના નોંધાતાં ત્યારે આવા ટેકસી ડ્રાઈવરોના ખાતા ફ્રિઝ થઈ જતાં હતા. તેનું નામ બહાર આવતું ન હતું. એક ગુનો કર્યા બાદ તે પોતાનું સીમ કાર્ડ તોડી નાખી, કંપનીમાં ફરિયાદ કરી નવું સીમ કાર્ડ ઈશ્યૂ કરાવી લેતો હતો.

# નવયુગ સ્કૂલ ના પ્રવાસમાં સાસણગીર ગયેલા વિદ્યાર્થીનું સ્વિમિંગ પૂલ માં ડૂબી જતા મોત






**મુખ્ય સમાચાર, તાલાલા ગીર**

રાજકોટની નવયુગ સ્કુલના વિદ્યાર્થીઓ સોમનાથ, સાસણ ગીર,દેવળીયા પ્રવાસે નીકળ્યાં હતા.આ પ્રવાસનો એક વિદ્યાર્થી સાસણગીર નાં રીસોર્ટનાં સ્વીમીંગ પુલમાં અકસ્માતે ડૂબી જતાં મરણ થયું છે.

આ અંગેની વિગત એવી છે કે રાજકોટ ની નવયુગ સ્કુલના ૧૫૦ બાળકો સાથેનો પ્રવાસ નીકળેલ હતો.સ્કુલ પ્રવાસ સોમનાથ થી સાસણગીર આવવા નીકળ્યો હતો અને તાલાલા-સાસણ ગીર રોડ ઉપર આવેલ ધ ગીર ગેટ વે રીસોર્ટમાં પ્રવાસ જમવા માટે રોકાયો હતો. બધા જમતાં હતાં આ દરમ્યાન હાર્દિક મુકેશભાઈ બારૈયા ઉ.વ.૧૩ વિધાર્થી સ્વિમિંગ પૂલ પાસે જતો રહ્યો હતો અને ગમે તે કારણોસર અકસ્માતે સ્વીમીંગ પુલમાં ડૂબી ગયેલ..આ બનાવની જાણ થતાં બધા ઘટના સ્થળે દોડી જઈ બાળકને સ્વિમિંગ પુલમાંથી બહાર કાઢી તુરંત સાસણગીર હોસિપટલમાં લઈ ગયેલ ત્યાંથી વધુ સારવાર માટે તાલાલા હોસ્પિટલે લાવવામાં આવેલ. સારવાર મળે તે પહેલા જ બાળકનું મૃત્યુ થયું હતું.આ પ્રવાસમાં ધો.૫ થી ૧૨નાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૧૦ થી ૧૨ શિક્ષકો જોડાયા હતાં.હોસ્પિટલના મેડીકલ ઓફિસરે બાળકનું પી.એમ કરી શાળાના શિક્ષકોની હાજરીમાં બાળકની બોડી તેમના વાલીને સોંપી હતી.આ બનાવ બાદ સ્કુલનાં સંચાલકો પ્રવાસ ટુંકાવી પરત રાજકોટ જતાં રહ્યાં હતાં.આ બનાવથી બાળકો તથા શિક્ષક પરિવારમાં ગમગીની પ્રસરી ગઈ છે.

# થર્ટી ફર્સ્ટ પૂર્વે રાજકોટના બુટલેગરે મંગાવેલ રૂ.૧૮.૭૨ લાખના દારૂ સાથે બે શખ્સોની ધરપકડ

### રાજકોટના સપ્લાયર અને રીસીવરની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થર્ટી ફર્સ્ટ પૂર્વે રાજકોટના બુટલેગરે મંગાવેલ દારૂની ૬ હજાર બોટલ ભરેલ ટ્રક ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી કુલ રૂ.૨૮.૮૩ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. ચોટીલાના બુટલેગરે રાજકોટના બુટલેગર કેતન રાઠોડને દારૂ સપ્લાય કરવા માટે રવાના કર્યો હતો.

આ અંગેની વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર અને સી.એચ.જાદવની રાહબરીમાં પીએસઆઈ વી.ડી. ડોડીયાની ટીમ પેટ્રોલિંગમાં હતાં.

ત્યારે પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એએસઆઈ અમીતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોરીચા અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવેને એક આઈસર ટ્રક નં ત્રઉ-૦૩-ઈઢ-૯૫૫૨ ચોટીલા બાજુથી બેડી ચોકડી વાળા રસ્તેથી રાજકોટ આવે છે અને આ આઈસર ટ્રકમાં છાપાની પસ્તીની આડમાં વિદેશી દારૂ ભરેલ છે અને આ વિદેશી દારૂ કેતન રાઠોડ નામના વ્યકિતએ મંગાવેલ છે. તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ બેડી ચોકડીથી માધાપર ચોકડી તરફ જવાના રસ્તે મૈસુર ભગત ચોકડી પાસે રોડ ઉપર વોચમાં હતાં ત્યારે ત્યાંથી પસાર થયેલ બાતમીવાળા ટ્રકને અટકાવી કોર્ડન કરી ચાલકનું નામ પૂછ્તાં પોતાનુ નામ ધર્મેન્દ્ર ગોપાલ ઠાકોર (ઉ.વ.૨૭, રહે. ઠાકોરવાસ નવા ઘરા અમદાવાદી દરવાજાની બહાર પટેલ સોસાયટી એરીયા નડીયાદ) અને કંડક્ટર શીટ ઉપર બેસેલ શખ્સે પોતાનુ નામ મોહન હરજાજી ભીલ (ઉ.વ.૫૦, રહે. ભીલવાસ નવા ઘરા અમદાવાદી દરવાજાની બહાર પટેલ સોસાયટી એરીયા નડીયાદ) હોવાનું જણાવ્યું હતું.

ટ્રકના પાછળના ભાગે તપાસ કરતાં છાપાની પસ્તીઓના બંડલ પડેલ હોય જે પસ્તીના બંડલો હટાવી જોતા તેમની વચ્ચે વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે અલગ અલગ બ્રાન્ડની દારૂની ૬૦૦૦ બોટલ રૂ.૧૮.૭૨ લાખ અને ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૨૮.૮૨ લાખનો મુદામાલ કબ્જે કરી તપાસ આદરી હતી.